॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય

ૐ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ઓઁ॥
॥ तस्य वाचकः प्रणवः॥

ઓમ્ પરિવારના ઉત્સવ–૨૦૦૧

કયા પ્રસંગ નિમિત્તે	સ્થળ	તારીખ અને વાર
મહાશિવરાત્રી નિમિત્તે	અમરેશ્વર મહાદેવ, જલારામ મંદિર, લાલદરવાજા, મુ. ઉમરેઠ, જિ. આણંદ.	૨૫-૨-૨૦૦૧ રવિવાર સવારે ૧૦ થી ૧.૩૦
ગુરુપૂર્ણિમા	ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીયા, મણીનગર, અમદાવાદ-૨૮.	૫-૭-૨૦૦૧ ગુરુવાર સવારે ૮ થી ૨
ઓમ્ ગુરુદેવ જયંતી	પંકજભાઈ શાહ અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં, સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ.	૧૦-૧૧-૨૦૦૧ શનિવાર સાંજે ૪.૩૦ થી ૮
બેસતું વર્ષ	નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮.	૧૬-૧૧-૨૦૦૧ શુક્રવાર સવારે ૭ થી ૮
શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે	"નિર્વિકલ્પ મુક્તિધામ" નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.	૩૦-૧૨-૨૦૦૧ રવિવાર સવારે ૧૦ થી ૩

નોંધ : ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ મનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તો ઉત્સવ વિષેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે. અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.

ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુકત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જાન્યુઆરી - ફેબ્રુઆરી - માર્ચ (ત્રિમાસિક)
VOL - XI (2000-2001) ISSUE - III માનદ્ તંત્રી - નેષધ વ્યાસ

ગુરુપૂર્ણિમા-મહોત્સવ (એક પ્રેરણાદાયી અહેવાલ)

સંકલનઃ શ્રી કાંતિભાઈ પટેલ
સેક્રેટરી - ઓ. પ્રે. પ. ટ્રસ્ટ

ઓમ્પરિવારના ઉપક્રમે તા. ૧૬-૭-૨૦૦૦ ને રવિવારના રોજ 'ગુરુપૂર્ણિમા મહોત્સવ'નું આયોજન થયેલું. કાર્યક્રમ અગાઉ ગુરુપ્રેમીઓનો ઉત્સાહ અવર્ણનીય હતો, કારણકે આ વર્ષે ચૈત્ર વદી એકાદશીને રવિવાર તા. ૩૦-૪-૨૦૦૦થી ''સર્વજીવ-સુખશાંતિ-મહાજ્યપથજ્ઞ''નો પ્રારંભ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના આદેશથી થયેલો અને ગુરુપૂર્ણિમાના દિવસે તેની પૂર્ણાહુતિ થવાની હતી. આ મહાજ્યપથજ્ઞના વધુમાં વધુ પ્રચાર અને પ્રસાર અર્થે તથા વધુમાં વધુ ગુરુભાઈબહેનો આ કાર્યક્રમનો લાભ લે તે માટે પૂજ્યશ્રીએ અનેક સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરેલું અને એ દરેક કાર્યક્રમમાં પૂજ્યશ્રીએ હાજરી પણ આપેલી. પૂજ્યશ્રીની સંપૂર્ણ સ્વસ્થ તબિયત અને અતિ ઘાટી કાર્યક્ષમતા જોઈને સૌને એ ખાતરી હતી કે આ વર્ષના ગુરુપૂર્ણિમા મહોત્સવમાં પૂજ્યશ્રી આખા કાર્યક્રમ દરમ્યાન હાજરી આપશે જ. વળી આ ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી રચિત પાતંજ્જલ યોગદર્શનના સાધનપાદની ટીકા ''શાન્તા''ની દ્વિતીય આવૃત્તિનું વિમોચન રાખેલું. ઓમ્પરિવારના યુવાવર્ગમાં પણ ખાસ્સો ઉત્સાહ હતો કારણકે યુવાનો માટે એક વકતૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ''ગુરુપૂર્ણિમા મહોત્સવ''ની પ્રેરણાદાયી આમંત્રણપત્રિકા છપાવીને સેંકડો ભકતોને પહોંચાડેલી, જેમાં પિરસાયેલ સત્સાહિત્ય સાધકવર્ગ માટે અતિ મહત્ત્વનું હતું. પત્રિકામાંનો એક લેખ ''ગુરુનિંદા કેદી ન સાંભળવી - કેમ ?'' આપણે 'ઋતમ્ભરા'ના ગયા અંકમાં વાંચેલો. પરંતુ જીવન-પાથેયમાં પ્રગટ થયેલા કેટલાક ઉમદા વિચારો પ્રગટ નહોતા થયા. 'ઋતમ્ભરા'ના જિજ્ઞાસુ વાચકો માટે 'જીવન-પાથેય' અહીં પ્રગટ કરીએ છીએ કે જે વિચારો પૂજ્યશ્રીની સાધનાનુભૂતિઓનો નિચોડ છે.

જીવન-પાથેય

(૧) પતંગિયું દીપક પર ઝંપલાવીને બળી મરે તેમાં દીપકનો શું દોષ? શું પતંગિયાની બીકે દીપકે પ્રગટવું જ નહીં? ચારે બાજુ પ્રકાશ ન ફેલાવવો ? મોહવશ પતંગિયું દીપક પર ઝંપલાવીને પોતે તો બળી મરે છે, પણ ક્યારેક તો દીપકને પણ બુઝાવી દે છે. જો કે દીપકને તો પુનઃ પ્રગટ કરનાર પ્રગટ કરી જ દે છે પણ પતંગિયાને પુનઃ કોઈ જીવતદાન આપી શકતું નથી.

(૨) સંતોનો યશ ચારે બાજુ ખૂબ ફેલાય તો તેનો યશ પણ તેમના ભકતોના ફાળે જાય છે; અને જો તેમને અપયશ મળે તો તે પણ તેમના પ્રેમીજનોના જ ફાળે જાય છે. સંતોની નિંદા કરનારાને તેમનાં પાપો મળે છે અને તેમની પ્રશંસા કરનારાને તેમનાં પુણ્યો મળે છે. સંતો તો પ્રભુપ્રેરિત પ્રેરણા દ્વારા જીવ્યે જતા હોય છે. તેમનું યોગક્ષેમ પરમાત્માની અહૈતુકી કૃપા દ્વારા ચાલ્યે જતું હોય છે.

(૩) પત્ની-બાળકો વગેરે વિનાના

ત્યાગાશ્રમીઓને પણ અનેક વિટંબણાઓમાંથી પસાર થવું પડતું હોય છે; તો પત્ની, બાળકો અને સંસાર-વ્યવહારની જટિલ જંજાળમાં ફસાયેલા ગૃહસ્થાશ્રમીઓની કેવી સ્થિતિ થતી હશે તેની સહેજે કલ્પના થઈ શકે છે.

(૪) સંતોની હાજરી-ગેરહાજરી ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન છે. તેમનાથી અનેક આધ્યાત્મિક જનોની તૃષા શાંત થતી હોય છે. પણ ઈર્ષાળુ લોકો તે સહન કરી શકતા નથી. કોઈપણ પ્રકારે તેઓ તે વીરડીને સૂકવી નાખવાનો પ્રયત્ન કરે છે. કહ્યું છે ને કે ઈર્ષાળુ અમૃત પી નથી શકતો એટલે અમૃતને ઢોળી નાખે છે.

(૫) જર, જમીન અને જોરુમાંથી એક પણ કજિયાના છોરુ નથી પણ "એ ત્રણ પર મારો જ હક્ક" એ ભાવનામાંથી જ કજિયાનો જન્મ થાય છે.

(૬) એક ઝાડનું શું મૂલ્ય અને શી મહત્તા છે તેની જેને ખબર હોય છે તે જ તેને ઉછેરી શકે છે. ઝાડને ઉછેરીને મોટું કરવામાં કેટલી મહેનત, બુદ્ધિ અને ધીરજની જરૂરત હોય છે તે તો તેને ઉછેરનાર જ જાણે છે.

અનેકોને શીતળ છાંય આપનાર પરોપકારી ઝાડને કાપી નાખતાં, ઈર્ષાળુને જરાય વાર નથી લાગતી. કુહાડીના બે ટચકા મારે એટલે તુરત જ વર્ષોનું આબુખવાણું ઝાડ જમીનદોસ્ત થઈ જાય છે, અને તેથી અનંત જીવો તેના અનંત લાભથી વંચિત રહી જાય છે, તેમ -

ગુરુ-સંતો-સજ્જનો પોતાના ગૃહે કે ગામે કઈ રીતે આવતા થયા છે અને પોતાના આંગણામાં રમતા-જમતા થયા છે તેની ખબર તો તેમને લાવનારને જ હોય છે. સંતોને પોતાના ત્યાં આવતા બંધ કરી દેવા તે કામ તો મહામુર્ખ પણ આસાનીથી કરી શકે છે. સંતો તો આપણું એક પગલું પારખીને આપણાથી છેડો ફાડી નાખે છે. તેમની ઉદારતાનોય કોઈ પાર નથી અને તેમના પુણ્યપ્રકોપની પણ કોઈ સીમા નથી. આપણે તેમને શું ભગાડી શકવાના હતા ? તેમણે જ પ્રયુક્તિ રચીને આપણા જેવા કુપાત્રને દૂર તગેડી મૂક્યા. આવાં બધાં રહસ્યોની અહંકારીને ખબર પડતી નથી, તે તો પોતાની જાળમાં જ વધુ ને વધુ ગૂંચાતો જાય છે.

(૭) ઉપકારી જનો એવો પ્રયત્ન કરે છે કે તેથી કલ્યાણકારી મનુષ્યોનું આગમન થાય છે અને અપકારી જનો એવો પ્રયત્ન કરે છે કે જેથી આવેલા ભદ્રજનો પણ પાછા ચાલ્યા જાય છે.

ભદ્રજનો પોતાના ગામમાં આવતા રહે તે માટે પોતાની બુદ્ધિ વાપરે છે સજ્જનો;

અને -

દુર્જનો પોતાના ગામમાં આવતા રહે તે માટે પોતાની બુદ્ધિ વાપરે છે દુર્જનો.

(૮) આપણા સાચા સગા કોણ ?

તેઓ નહીં કે જેઓની સાથે આપણા લોહીની એકતા છે; પણ જેઓના વિચારોની સાથે આપણા વિચારોની એકતા છે તેઓ જ માત્ર આપણા સાચા સગા છે.

પોતાની ઉપર થયેલા ઉપકારને કદી ન ભૂલે અને પોતાના પર થયેલા અપકારને જ તુરત જ ભૂલી જાય તે જ સાચા સંત. અસ્તુ.

ઉપરોક્ત લખાણ વાંચીને ઘણા ભક્તોએ પૂજ્યશ્રીને પત્રો લખ્યા હતા અને પૂજ્યશ્રીનો અને ઓમ્ પરિવારનો ઉત્સાહ વધાર્યો હતો. પૂજ્યશ્રીએ આમાંના થોડાક પત્રો ગુરુપૂર્ણિમાના કાર્યક્રમ દરમ્યાન વાંચેલા પણ ખરા, જેથી એ સ્વયંસેવકોનો ઉત્સાહ વધે કે જેઓ પૂજ્યશ્રીનો સુયશ ચારે બાજુ ફેલાય તેનો સતત પ્રયત્ન કરતા રહે છે.

તો "ગુરુપૂર્ણિમા મહોત્સવ"ની તૈયારીની શરૂઆત આમંત્રણપત્રિકા વહેંચીને થઈ. ત્યારબાદ સ્વયંસેવકોએ અલગ અલગ કાર્યોની જવાબદારી પોતાને હસ્તક લીધી. આ પ્રથમ જ કાર્યક્રમ હતો કે જેના આયોજનની સંપૂર્ણ જવાબદારી ઓમ્ પરિવારના યુવાન વર્ગે ઉપાડી લીધી. તેમણે ભેગા મળીને સભામંડપના તથા રસોડાના અનેક કાર્યક્રમોમાંથી પ્રૌઢોને મુક્ત કર્યા. ધન્ય છે એ યુવાન સ્વયંસેવકોને ! કારણકે તેમણે, કોઈને એ ખબર પડવા ન દીધી કે આ વર્ષના કાર્યક્રમનું આયોજન ત્રિજાતી પેઢીના બિનઅનુભવી કે ઓછા અનુભવી કાર્યકરોએ ઉપાડી લીધું છે. દરેક કાર્ય, જાણે કોઈ વર્ષોના અનુભવી કાર્યકરો કરી રહ્યા હોય તે રીતે કોઈપણ પ્રકારની ત્રિજાતી વગર પૂરું પાડ્યું. આ વાંચી-જાણીને સૌને એ વાતનો આનંદ થશે કે ઓમ્ પરિવારની નવી પેઢી અમુક કાર્યો માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ગઈ છે.

કાર્યક્રમની આગલી રાતે જ સભામંડપને

શણગારવાનું કાર્ય સમયસર પૂરું થયું. ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ભાગ લેવા બહારગામથી જે ગુરુભાઈ-બહેનો આવેલાં તેમના ભોજન-પ્રસાદની વ્યવસ્થા કરેલી જ હતી, વળી તેમના રોકાણની વ્યવસ્થા પણ હોલ ઉપર જ કરવામાં આવી હતી. પ. પૂ. ગુરુદેવે કાર્યક્રમની આગલી રાતે હોલ ઉપર ઓચિંતું આગમન કર્યું અને દરેક કાર્યનું સ્વનિરીક્ષણ કર્યું. પૂજ્યશ્રી, બહારગામથી આવેલા ભક્તોને પણ ઉમળકાભેર મળ્યા. પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ઉપસ્થિત સૌ ગુરુભાઈબહેનોનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. તેઓ માટે તો ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગની શરૂઆત જાણે આજથી જ થઈ ગઈ. શાસ્ત્રોમાંય એ વાતનો ઉલ્લેખ છે કે શિષ્યોએ ગુરુપૂર્ણિમા નિમિત્તે પોતાના ગુરુના સાંનિધ્યમાં ત્રણ રાત્રી-દિવસ રહેવું જોઈએ. અસ્તુ.

તા.૧૬-૭-૨૦૦૦ ને રવિવારે સવારે ૮ વાગ્યે કાર્યક્રમનો પ્રારંભ શાંતિપાઠના ગાન સાથે થયો. પ્રણવવંદના, પ્રણવ-જપ-મહાત્મ્ય, પ્રણવઅષ્ટક અને ગુરુઅષ્ટક સૌએ ભક્તિભાવપૂર્વક ગાયાં. ત્યારબાદ શ્રી સવજીદાસે રચેલ ગુરુમહિમાનો પાઠ કરવામાં આવ્યો. લગભગ વીસ મિનિટ સુધી "ૐ ગુરુ ૐ" મંત્રના વાચિક જપ કરવામાં આવ્યા. 'સર્વજીવ સુખશાંતિ મહાજપયજ્ઞ'માં પણ આ જ મંત્રના જપ કરવાનો પૂજ્યશ્રીએ આદેશ આપેલો. થોડો સમય ગાયત્રીમંત્રનો વાચિક જપ થયો. લગભગ નવ વાગવા આવેલા તેથી સૌ ગુરુભાઈબહેનો નાસ્તો-પ્રસાદી લેવા ઊભાં થયાં. નાસ્તો-પ્રસાદી પતાવી સૌ સભામંડપમાં આવી રહ્યાં હતાં ત્યાં જ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી પધાર્યા અને આરાધનાનો કાર્યક્રમ શરૂ થયો.

સૌ પ્રથમ શ્રી શ્રેયરભાઈ પટેલ અને તેમનાં ધર્મપત્નીએ આરતી ઉતારી. પૂજ્યશ્રીએ પાટ સ્થાપન પર રાખેલ ઓમ્‌પરમાત્માની છબીની આરતી ઉતારી. ત્યારબાદ પૂજ્યશ્રીએ ઉપસ્થિત ભક્તોમાંથી જ સાત-આઠ ભાઈઓને આજના દિવસ પૂરતી સોલ્જરની પદવી આપીને સ્ટેજ પર બેસાડ્યા અને તેમને સૌને પૂજ્ય ગુરુદેવે સૂચના આપી કે "તમારે ખૂબ સાવધાની રાખવાની છે કે જેથી આજનું મહાપર્વ રૂડી રીતે પતે." પૂજ્ય ગુરુદેવે 'સોલ્જર'ની વ્યાખ્યા આવી કરી --

"સ્વયંસ્ફુરિત સ્ફુરણા દ્વારા પ્રેરિત થઈને, ઉત્સવમાં ઉપસ્થિત સર્વેની સુખશાંતિ માટે ખબરદાર રહેનાર."

એક તરફ "સર્વજીવ-સુખશાંતિ-મહાજપયજ્ઞ"ની પૂર્ણાહુતિનો સમય નજીક આવી રહ્યો હતો. કુલ મંત્રજપની ગણતરી માટે છાપેલી કાપલી સૌને વહેંચવામાં આવેલી, જેમાં જપ કરનારનું નામ અને જપની સંખ્યા ભરવાની હતી. નાસ્તા-પ્રસાદીના કાર્યક્રમ દરમ્યાન સૌ ભક્તોએ કાપલીમાં વિગત ભરીને ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીને આપેલી. તેઓ, બે કાર્યકરો સાથે મળીને જપની સંખ્યાનો સરવાળો કરી રહ્યા હતા. શ્રી નેષધભાઈએ 'સર્વજીવ-સુખશાંતિ-મહાજપયજ્ઞ' વિષેની માહિતી આપતાં કહ્યું કે -

"ઓમ્‌પરિવારના ઉપક્રમે, પરમ ગુરુ પ્રણવ પરમાત્માની અહેતુકી કૃપાથી અને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની દિવ્ય પ્રેરણાથી, ચૈત્ર વદી એકાદશીને રવિવાર તા. ૩૦-૪-૨૦૦૦થી "ૐ ગુરુ ૐ" મંત્રના જપ કરવાનો પ્રારંભ થયેલો. સર્વે મળીને બે કરોડ મંત્રજપ કરવાનો સંકલ્પ નિરધારેલો. સૌએ મળીને અનુકૂળતા મુજબ યથાસંભવ મંત્રજપ કરવાના હતા. આ મહાજપયજ્ઞ દ્વારા અન્ય બીજી રીતે અશક્ત હોય તેઓ પણ આ રીતે સ્વ-પરનું કલ્યાણ આસાનીથી સાધી શકે. આપણે સૌ જાણીએ છીએ કે દ્રવ્યદાન કરવું એ સેવા કરવાની સ્થૂળ રીત છે, સદ્‌ભાવના-દાન કરવું એ સેવા કરવાની સૂક્ષ્મ રીત છે. બધા પ્રકારનાં દાનની જનની સદ્‌ભાવના છે. આ મહાજપયજ્ઞની પત્રિકા છપાવેલી, જેમાં પૂજ્યશ્રીએ લખેલું કે -

"મંત્રજપ દ્વારા શુભેચ્છા-ભાવનાનું એક દિવ્ય, અલૌકિક, પ્રચંડ મોજું વાતાવરણમાં રેલાવવાનું-વહેવડાવવાનું છે. શુભ ભાવનાની પ્રબળ, અમોઘ, સૂક્ષ્મ શક્તિને કામે લગાડીને વિશ્વજીવોને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરવાનો છે. મનુષ્ય-હૃદયમાંથી નીકળેલી સર્વજીવ-પ્રાણવાન શુભેચ્છા-ભાવના કદી નિષ્ફળ નથી જતી. શુભેચ્છા-ભાવનાની મહામૂડી તો સર્વે જીવ પાસે છે જ. તેને જેમ વાપરીશું તેમ તેની વૃદ્ધિ થશે. કહ્યું છે કે "ટીપે-ટીપે સરોવર ભરાય". આ કલ્યાણકારી ભગીરથ કાર્ય કેવળ અમારું જ નહીં પણ આપણા સર્વેનું છે. સર્વની રસોઈમાં રસોયાની રસોઈ પણ બની જ જાય છે, તેમ વિશ્વકલ્યાણ કરવાની સાથે સાથે આપણું કલ્યાણ પણ થઈ

જ જાય છે.''

આજના આ મહાજપયજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે ઓમ્‌પરિવારના ઉપક્રમે ભૂતકાળમાં થયેલા ત્રણ સફળ મહાપ્રયોગોની યાદ પણ તાજી કરી લઈએ. (૧) વૃષ્ટિ નિમિત્તે મહાધૃત-દીપયજ્ઞ, અખંડ ચોવીસ કલાક, તા. ૨૭-૫-૮૮ ના રોજ સંપન્ન થયેલો જેમાં સમસ્ત ભારત અને વિદેશના ભાવિક જનોએ સારો સહકાર આપેલો, સારો લાભ લીધેલો. (૨) ઉમરેઠ મુકામે અખંડ ચોવીસ દિવસ-રાત્રી અને અમદાવાદ મુકામે અખંડ ત્રીસ દિવસ-રાત્રી ગાયત્રી-જપયજ્ઞ થયેલો. આમ, ચોપન દિવસ-રાત્રી (૧૨૯૬ કલાક સતત) ભક્તોએ અખંડ ગાયત્રી-જપયજ્ઞનો લાભ લીધેલો. ઉમરેઠમાં પૂર્ણાહુતિ ના દિવસે જ ખૂબ વરસાદ થયેલો. (૩) ૧૯૭૮ની સાલમાં પલિયડ (વેડા) મુકામે અગિયાર દિવસની એક સો કુટિરની ''ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર''નું ભવ્ય આયોજન સુસંપન્ન થયું હતું. અનુભવીઓએ આ શિબિરને ''સતયુગની શિબિર'' કહેલી. (૪) થોડાં વર્ષો પહેલા ખૂબ રોગચાળો ફાટી નીકળેલો ત્યારે ઉમરેઠની મુખ્ય-મુખ્ય પોળોમાં પર્યાવરણ પરિશુદ્ધિ યજ્ઞો સંપન્ન કરેલા. તેનો મંત્ર હતો :

પર્યાવરણ પરિશુદ્ધિ કરવા, આપીએ આહુતિ સોમ્‌ સ્વાહા,
જીવ સર્વેના રોગ ટળવા, સ્વીકારો આહુતિ ઓમ્‌ સ્વાહા.

આમ, આવા વિશ્વહિતકારી અનેક કાર્યક્રમો ઓમ્‌પરમાત્માની દયાથી ચાલતા જ રહે છે. આવાં ભવ્ય કાર્યોની દિવ્ય સ્મૃતિ તાજી કરવાથી પણ હૃદયમાં ભવ્ય ભાવોનું ઉદ્દીપન થાય છે. અસ્તુ.

નેષધભાઈએ સભાને સંબોધી તે દરમ્યાન મંત્રોની સંખ્યાની ગણતરીનું કામ પૂરું થઈ ગયેલ અને ડૉક્ટરભિક્ષુજીએ આ સંખ્યાની જાણ પૂજ્યશ્રીને કરી દીધેલ તેથી નેષધભાઈના વક્તવ્ય પછી ''સર્વજીવ-સુખશાંતિ-મહાજપયજ્ઞ''ની પૂર્ણાહુતિ નિમિત્તે બોલતાં પૂજ્યશ્રીએ કહ્યું કે -

''આ મહાજપયજ્ઞમાં ઓમ્‌પરિવારે ''ઓમ્‌ ગુરુ ઓમ્‌'' મંત્રના બે કરોડ મંત્રજાપ કરવાનો સંકલ્પ કર્યો હતો પણ તમને સૌને જણાવતાં અતિ આનંદ થાય છે કે સર્વે સાથે મળીને **પંદર કરોડ મંત્રજાપ** કરી શક્યા છે. આવાં લોકકલ્યાણકારી કાર્યોમાં લોકોની કેટલી બધી રુચિ છે તેની આ સાબિતી છે. યોગ્ય વ્યક્તિને સાથ આપવા લોકો તૈયાર જ હોય છે.

''મંત્રજપ દ્વારા શુભેચ્છા-ભાવનાનું ઉદ્દીપન થાય છે અને ચિત્તવૃત્તિઓ એકાગ્ર થઈને છેવટે તે નિરોધ પામે છે. પતંજલિ મુનિએ ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહ્યો છે. શાસ્ત્રો મંત્રની મહત્તાથી ભર્યાં ભર્યાં છે.''

મહાજપયજ્ઞની પૂર્ણાહુતિ બાદ કાર્યક્રમને આગળ વધારતાં ઓમ્‌ગુરુપ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો પરિચય શ્રી નેષધભાઈએ કરાવ્યો. તેમણે બધા ટ્રસ્ટીઓની નિઃસ્વાર્થ માનદ્‌ સેવાઓનો સૌને ખ્યાલ આપ્યો. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાનદાનનો છે અને તે યોજના હેઠળ ટ્રસ્ટે હાલમાં જ પ્રકાશિત થયેલ ''શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર (એક દિવ્ય અહેવાલ)'' નામનું પુસ્તક ''દુતમ્બરા'' ત્રિમાસિકના આજીવન સભ્યોને વિના મૂલ્યે ભેટ-પ્રસાદીરૂપે મોકલ્યું. ઓ. પ્રે. પ. ટ્રસ્ટે એ નિર્ણય પણ લઈ લીધેલ છે કે ''પ્રોજેક્ટ લાયબ્રેરી'' અંતર્ગત જે ૨૫૮૫ પુસ્તકાલયોને ટ્રસ્ટે સ્પોન્સર કરેલ છે તેમના ગ્રંથપાલ/સંચાલકને એક પત્ર લખવો અને જો તેમનો પ્રત્યુત્તર આવે તો પ્રત્યુત્તર મોકલનાર પુસ્તકાલયને આજે વિમોચન થનાર પુસ્તક ''શાન્તા'' (પાતંજલ યોગદર્શન - સાધનપાદ - દ્વિતીય આવૃત્તિ) વિના મૂલ્યે ભેટ-પ્રસાદીરૂપે મોકલવું. ટ્રસ્ટની આ બધી વિગતો આપ્યા બાદ શ્રી નેષધભાઈએ ઓમ્‌પરિવાર વતી ટ્રસ્ટના બધા ટ્રસ્ટીઓનો, પૂજ્યશ્રીના આદર્શો અને સિદ્ધાંતોને નજર સમક્ષ રાખીને દરેક કાર્ય સંપન્ન કરવા બદલ, હૃદયપૂર્વકનો આભાર માન્યો. સાથે સાથે આજના આ મહોત્સવનું તમામ કાર્ય પોતાને શિરે લેનાર ઓમ્‌પરિવારના યુવાવર્ગનો પણ આભાર માન્યો. નેષધભાઈ જ્યારે સભાને સંબોધી રહ્યા હતા ત્યારે પૂજ્યશ્રી અનેક ગુરુભાઈબહેનોને વસ્ત્રરૂપી ભેટપ્રસાદી સ્વહસ્તે અર્પણ કરી રહ્યા હતા.

ટ્રસ્ટની વિગતો અપાઈ ગઈ એટલે પુસ્તકવિમોચનનો કાર્યક્રમ શરૂ થયો. આજે પૂજ્યશ્રી રચિત ''શાન્તા'' (પાતંજલ યોગદર્શન - સાધનપાદ) પુસ્તકની બીજી આવૃત્તિનું વિમોચન કરવાનું હતું. પૂજ્યશ્રીએ વિમોચન માટે તૈયાર કરેલ પુસ્તક ડૉક્ટરભિક્ષુ પાસે મંગાવ્યું. પુસ્તક હાથમાં જ રાખીને પૂજ્યશ્રીએ પુસ્તક વિષે બોલતાં કહ્યું કે -

''આજે ''શાન્તા'' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું

વિમોચન થઈ રહ્યું છે તે ખૂબ આનંદની વાત છે. આપ સૌ જાણો જ છો કે પાતંજલ યોગદર્શનના કુલ ચાર પાદ છે - (૧) સમાધિપાદ (૨) સાધનપાદ (૩) વિભૂતિપાદ (૪) કૈવલ્યપાદ. આમાંના પ્રથમ પાદ સમાધિપાદ ઉપરની આપણી ટીકા પ્રગટ થયેલી, જેનું નામ ''મુક્તા'' રાખ્યું હતું. જે મુક્ત થવામાં મદદ કરે તે ''મુક્તા''. આ પુસ્તકની પણ બે આવૃત્તિ પ્રગટ થયેલ છે.

''પાતંજલ યોગદર્શનના સાધનપાદની ટીકાનું નામ ''શાન્તા'' રાખ્યું છે. શાંત થવામાં, પરમ શાંતિ પ્રાપ્ત કરાવવામાં જે મદદ કરે તે 'શાન્તા'. પારમાર્થિક રીતે જોતાં 'શાન્તા'નો અર્થ પણ 'મુક્તા' જ થાય છે. આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય ત્યારે જ સાચી શાંતિ મળે છે. એવી શાંતિને મુક્તિ જ કહેવાય. ભગવાનના સ્વરૂપ વિષે પણ કહેવાયું છે કે 'શાંતાકારં' અર્થાત્ શાંત આકૃતિવાળા.

''શાંત અર્થાત્ સારી રીતે અંત આવી ગયો છે જેનાં દુઃખોનો તેવા. સારી રીતે એટલે અચૂકપણે અને સંપૂર્ણપણે.

''સાધનાનો પ્રારંભ કરતાંની સાથે જ એક એવો સંતોષ પ્રવર્તવા લાગે છે; જેથી એમ લાગે છે કે જાણે અાપણે પણ કાંઈક કરી રહ્યા છીએ. કલ્યાણપથના પથિક બન્યા છીએ તો જરૂર ક્યારેક શાંતિમંદિરમાં પહોંચી જઈશું.

''નિયમિત સાધના કરનાર, જીવનવ્યવહારનાં બીજાં કાર્યો કરતો હોવા છતાં પણ પોતાના જીવનને ભર્યું ભર્યું અનુભવે છે. કેમકે તેણે પંથ કાપવાની શરૂઆત કરી દીધી છે. તેથી પંથ ભલે ગમે તેટલો લાંબો હોય તોપણ તે પૂરો થવાનો જ. આવી શ્રદ્ધા તેના ઉત્સાહને સતત બળ આપ્યા કરે છે. અને આ રીતે શાંતિના ઝબકારા દૃષ્ટિગોચર થવા લાગે છે. સાધના દ્વારા શાંતિનો સાક્ષાત્ અનુભવ થતાં પૂર્વે જ, સાધનાના આરંભથી જ શાંતિ પોતાની કમાલ દેખાડવા લાગે છે !

''યોગદર્શનના ત્રીજા પાદનું નામ છે વિભૂતિપાદ. વિભૂતિ એટલે સિદ્ધિઓ-ઐશ્વર્યો. સૌને સિદ્ધિઓ જોઈએ છે. અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ગાંડા થઈને દોટ મૂકે છે, ત્યારે સિદ્ધિઓ તેનાથી અત્યંત દૂર ભાગે છે. 'ત્યાગે તેની આગે અને માંગે તેનાથી ભાગે' એ ન્યાયે સિદ્ધિઓ-વિભૂતિઓ વર્તે છે. ગુરુપ્રેમભિક્ષુજી (અમેરિકા) કહે છે ને કે 'આપ્યા વિનાની અપેક્ષા એ તો નર્યું ગાંડપણ છે, નરી મૂર્ખતા છે.'

મુક્તિ અને શાંતિ પ્રાપ્ત કરી ચૂકેલ વ્યક્તિ પાસે સિદ્ધિઓ હાથ જોડીને ઊભી રહે છે. પરંતુ તેમને સિદ્ધિઓની બિલકુલ જરૂરત નથી. મુક્તિ અને શાંતિ ઊંચામાં ઊંચી પ્રાપ્તિ છે. હંમેશા-હંમેશા માટે દુઃખોથી મુક્ત થઈ જવું તેનું નામ મુક્તિ. અને હંમેશા-હંમેશા માટે દુઃખોનો અંત આવી જવો તે શાંતિ. કોઈપણ પ્રકારનાં સ્થૂળ-ભૌતિક સિદ્ધિ-ઐશ્વર્યો મેળવીને શું કરવા ઇચ્છીએ છીએ ? તેનાથી સાચાં સુખશાંતિ જ ભોગવવાની ઇચ્છા હોય છે ને? પણ જો સીધેસીધાં જ સુખશાંતિ મળી જતાં હોય તો વચ્ચે કોઈ બીજા માધ્યમની શી જરૂર છે ? વિભૂતિપાદનો ક્રમ ત્રીજો છે તેનું કારણ પણ એ જ છે કે સમાધિ અને સાધના દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરીને જ વિભૂતિપાદમાં પ્રવેશવાનો અધિકાર મેળવવાનો છે. પરંતુ એ અધિકાર પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં જ 'કાંઈક એવું' પ્રાપ્ત થઈ જાય છે કે જેના દ્વારા વિભૂતિઓમાંથી મોહ-આકર્ષણ-પ્રલોભન ચાલ્યું જાય છે. એ જે પ્રાપ્ત થાય છે તેનું વર્ણન શબ્દોમાં કરી શકાતું નથી. જ્યારે સિદ્ધિઓમાંથી સમજપૂર્વક આકર્ષણ દૂર થાય ત્યારે સમજવું કે 'કાંઈક એવું' પ્રાપ્ત થઈ ગયું છે. ધારણા, ધ્યાન અને સમાધિરૂપી 'સંયમ' દ્વારા સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. એ જ કહી આપે છે કે સમાધિ સુધીનો અધિકાર પ્રાપ્ત કર્યા પછી જ સિદ્ધિઓમાં પ્રવેશ થઈ શકે છે. સાધનપાદ અર્થાત્ સાધના એ અતિ મહત્ત્વનું અંગ છે. જો સાધના ના હોય તો સમાધિ, વિભૂતિ કે કૈવલ્ય એકેયની પ્રાપ્તિ કે અનુભૂતિ થતી નથી.

''નથી દીધાં કથીરોનાં દાન, કંચન ક્યાંથી પામીએ?' **મનુષ્ય જ્યારે આપ્યા સિવાય લેવાની ઇચ્છા કરે છે, અધિકાર સિવાય પ્રાપ્તિની અભિલાષા સેવે છે ત્યારે તે હાસ્યાસ્પદ રીતે નિષ્ફળ જાય છે.** તે વાતને મનોરંજન સાથે સમજીએ.

''એક વ્યક્તિને સિદ્ધિદેવીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. તે દેવીની એડી અને માથાનો ભાગ ઘસાઈ ગયેલો હતો. તે જોઈને તે મનુષ્યને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું, ''દેવીજી! આમ કેમ?'' દેવીજીએ જવાબ આપ્યો, ''અનઅધિકારીઓ મને મેળવવા માટે મારી પાછળ એટલા અને એવા લાગેલા રહે છે કે તેમને દૂર કરવા માટે લાતો મારીમારીને મારા પગની એડી

ધસાઈ ગઈ છે અને મારો સ્વીકાર કરાવવા માટે અધિકારીઓનાં ચરણોમાં માથું રગડી-રગડીને માદું માથું ઘસાઈ ગયું છે, તોય તેઓ મારો સ્વીકાર નથી કરતા!''

''અતિ શાંત અને ધીરગંભીર ક્ષણોમાં યોગસૂત્રો ઉપર જે કાંઈ સ્ફુરણાઓ સ્ફુરી, વિશ્વચેતનામાંથી જે કાંઈ પ્રેરણાઓ પમાણી તથા સાધનાકાળ દરમ્યાન સ્વાનુભવયુક્ત જે કાંઈ ચિંતન-મનન અને નિદિધ્યાસન થયું તેની નિચોડ 'શાન્તા' સ્વરૂપે લિપિબદ્ધ થયેલ છે. વળી આ બીજી આવૃત્તિમાં બ્રહ્મચર્ય, પ્રાણાયામ અને ધ્યાન વિષયો ઉપર વધારાના લેખોનો ઉમેરો કરેલ છે. ભજનમાં આવે છે - 'શાંતિ પમાડે તેને રે સંત કહીએ', સંતો પાસેથી જ શાંતિ મળી શકે છે. 'શાન્તા' શબ્દ ખૂબ ભર્યો ભર્યો અને શક્તિયુક્ત લાગે છે. શાન્તાનો અર્થ છે શાંતિને આપવાવાળું, શાંતિથી ભરેલું, જેમાંથી શાંતિ બહાર ઊભરાઈ રહી છે તેવું.

''આ 'શાન્તા' પુસ્તકનું ચિંતન-મનન અને નિદિધ્યાસન કરનારાઓને શાંતિલાભ થાઓ એટલું જ નહીં પરંતુ માત્ર તેનો સ્પર્શ કરનારાઓને પણ ઓમ્‌પરમાત્મા શાંતિલાભ કરાવો એવી તેમને પ્રાર્થના. અસ્તુ.''

પૂજ્યશ્રીના પ્રાસંગિક પ્રવચન બાદ ''શાન્તા'' પુસ્તકની બીજી આવૃત્તિનું વિમોચનવિધિ નારાયણ સત્સંગ-મંડળના શ્રી નંદુભાઈ પટેલના શુભ હસ્તે થઈ. વિમોચન થયેલ પુસ્તક પૂ. શ્રીએ શ્રી નંદુભાઈને જ ભેટ-પ્રસાદી રૂપે આપ્યું એટલે તેઓ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે આ જ પુસ્તક આજે મેં ઓમ્‌પરિવારના બુકસ્ટોલ પરથી ખરીદવાનો વિચાર કરેલો. અસ્તુ.

ત્યારબાદ અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પૂ. ગુરુદેવે ઇનામો આપ્યાં. રોમાનિયાથી ખાસ ગુરુપૂર્ણિમા માટે આવેલા (મૂળ ડાકોરના) વિદ્યાર્થી શ્રી વિનયભાઈ રોહિતભાઈ સુખડિયાને શાલ ઓઢાડીને ગુરુદેવે આશિષ આપી; કારણકે તેઓ રોમાનિયાની યુનિવર્સિટીમાં તબીબી અભ્યાસમાં પ્રથમ નંબરે પાસ થયા છે. કુમારી ભેષનાબેન નેપપભાઈ ખાસને પૂજ્યશ્રીએ સન્માન-ઇનામ આપ્યું. તેઓ એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં ૮૮% ગુણ સાથે ઉત્તીર્ણ થયાં.

આજના આ પવિત્ર દિવસે ઓમ્‌પરિવારના યુવાવર્ગની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. આ પ્રેરણાદાયી સ્પર્ધાનું આયોજન કરવાનો હેતુ-ઉદ્દેશ એ હતો કે યુવાવર્ગ પૂજ્ય ગુરુદેવ દ્વારા પીરસાતા તાત્ત્વિક-આધ્યાત્મિક સાહિત્યમાં પ્રેમપૂર્વક રુચિ લે, તેઓને સભા સમક્ષ બોલવાની કેળવણી મળે - તાલીમ મળે અને ઓ. પ્રે. પ. ટ્રસ્ટના પ્રકાશનકાર્યમાં યુવાવર્ગ થોડેઘણે અંશે મદદરૂપ થાય. આ સ્પર્ધા યુવાનો માટે હતી તેથી વયમર્યાદા ત્રીસ વર્ષની રાખેલી. સ્પર્ધાના વિષયો હતા - (૧) યોગ (૨) અધ્યાત્મ (૩) પ્રણવ (ઓમ્) વિષેની સરળ સમજણ (૪) પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી તરફથી મળેલી પ્રેરણા (૫) ગુરુતત્ત્વ વિષેની સરળ, વ્યવહારિક રજૂઆત. આ સ્પર્ધામાં કુલ આઠ સ્પર્ધકોએ ભાગ લીધેલો. આ આઠેય સ્પર્ધકોને પૂજ્યશ્રીએ પ્રોત્સાહક ઇનામો આપ્યાં. અસ્તુ.

ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે આશીર્વચન આપતાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ કહ્યું કે -

''મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જે મોક્ષપ્રાપ્તિનો પ્રયત્ન ન કરી શકયા તો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો કહેવાય. ખાવું-પીવું અને પ્રજા ઉત્પન્ન કરવી એ કાર્યો તો પશુપક્ષીઓ પણ કરી શકે છે. પરંતુ મનુષ્યયોનિ શ્રેષ્ઠ એટલા માટે ગણાય છે કે મનુષ્ય જો ઇચ્છે તો મોક્ષ માટેના પ્રયત્નો કરી શકે છે. મનુષ્ય ભલે ગમે તેટલી ડિગ્રીઓ મેળવે કે સોનું-રૂપું ભેગું કરે પણ એ બધું પાયા વિનાની સાતમાળી ઇમારતને સજાવવા બરાબર છે. કારણકે શરીર નાશવાન છે. માટે શરીર ધારણ જ ન કરવું પડે તેવા પ્રયત્નો કરવા જોઈએ.''

પૂજ્યશ્રીનાં આશીર્વચન બાદ આજના છેલ્લા અને મુખ્ય કાર્યક્રમની શરૂઆત થઈ; આજનો મુખ્ય કાર્યક્રમ હતો ગુરુપૂજનનો. કાર્યક્રમ નિર્વિઘ્ને અને અડચણ પડે તે માટે ઉપસ્થિત સૌને યોગ્ય સૂચનાઓ અપાઈ ગઈ અને સ્વયંસેવક ગુરુભાઈબહેનો પોતપોતાની ફરજ ઉપર ગોઠવાઈ ગયાં કે જેથી અવ્યવસ્થા જળવાઈ રહે. સૌ પ્રથમ બહેનોએ અને ત્યાર બાદ ભાઈઓએ ગુરુપૂજનનો લાભ લીધો. પૂજન ચાલતું હતું તે દરમ્યાન પૂજ્યશ્રી ષટ્‌સૂત્રી ઓમ્‌ના ફોટા પર હસ્તાક્ષર કરતા રહ્યા. પૂજ્યશ્રીએ પૂજન દરમ્યાન જ જાહેરાત કરી કે -

''જે ગુરુભાઈબહેનોએ સર્વજીવ-સુખશાંતિ-મહાજપયજ્ઞમાં ભાગ લીધો હોય તેઓ સૌ અમારા

હસ્તાક્ષરવાળા ઓમ્‌ભગવાનના ફોટા (કુટુંબ દીઠ એક ફોટો) બુકસ્ટોલ ઉપર ઊભેલા સ્વયંસેવકો પાસેથી લેતા જાય. અતિશય વરસાદના કારણે અને અમદાવાદમાં ચારે બાજુ પાણી ભરાઈ જવાના કારણે આપણે જે નિત્યદર્શન રક્ષા-કવચ કાર્ડ છપાવવા આપેલાં તે તૈયાર થઈ શક્યાં નથી. પરંતુ ઓમ્‌ભગવાનની અસીમ કૃપા જુઓ! અમને મનમાં એ ઇચ્છા થઈ કે મહાજપયજ્ઞમાં ભાગ લેનાર જાપકોને ભેટ-પ્રસાદીરૂપે અને તેમનો સૌનો ઉત્સાહ વધે તે માટે તેમને "નિત્યદર્શન રક્ષા-કવચ" કાર્ડ આપવાં. એક હજાર કાર્ડ છપાવવા માટે આપી પણ દીધેલાં. પણ અમદાવાદમાં એક જ દિવસમાં વીસ ઈંચ વરસાદ પડ્યો. ચારે બાજુ પાણી ભરાઈ ગયાં. લગભગ અઠવાડિયા સુધી બધા ધંધા ઠપ થઈ ગયા. આપણાં કાર્ડ પણ આજે આપણને મળી ન શક્યાં. સવારે અમે ડૉક્ટરભિક્ષુને કહેતા હતા કે આજે કાર્ડ ન આપી શકાય તો કંઈ નહીં. દરેકનાં સરનામાં લઈ લેજો અને કાર્ડ પ્રિન્ટ થઈને આવી જાય ત્યારે સૌના ઘેર ઉભડ જઈને અથવા પોસ્ટ દ્વારા આ કાર્ડ મોકલી આપજો. પણ આ વાત જ્યારે અમે ડૉક્ટરને કહેતા હતા ત્યારે મનમાં થોડો વસવસો જરૂર હતો કે મહત્તા તો આજના દિવસની જ ને કારણકે આજે મહાજપયજ્ઞની પૂર્ણાહુતિ અને સાથે ગુરુપૂર્ણિમા. આજે તમને અમારા હસ્તે આ પ્રસાદી મળે તેનો મહિમા, તેનો ઉત્સાહ, તેનો આનંદ કંઈક જુદો જ હોય. પણ પરિસ્થિતિવશ મન મનાવી લીધું. પણ જાણે મહાચમત્કાર થયો! ઓમ્‌ભગવાને અમારી મનની ઇચ્છા જાણી લીધી! ગુરુપૂજન સમયે ભેટ મૂકવા, આપણા એક પ્રેમી શ્રી રમેશભાઈ સરૈયા (પંકજ પ્રોસેસ સ્ટુડિયોવાળા) ઘટસૂત્રી ઓમ્‌ભગવાનના ફોટા છપાવીને લાવ્યા હતા. અને તે પણ એક હજાર નંગ પૂરા !!! અહાહાહા.....! શું કમાલ થઈ ગઈ! કેવો ચમત્કાર થઈ ગયો!! ઓમ્‌પરમાત્માની કેવી કૃપા થઈ ગઈ!!! દર વખતે આમ બને છે, રોજેરોજ આમ બને છે. ઈશ્વર અક્ષરચક્કરમાંથી પણ અમારી સદ્‌ભાવનાયુક્ત ઇચ્છાને પૂરી કરે જ છે. આ એનું પ્રમાણ છે કે દરેક સત્કાર્યોમાં ઈશ્વર જાણેઅજાણે સૌને સહાય કરે જ છે. અસ્તુ."

તો, ગુરુપૂજન દરમ્યાન થયેલી આ વાતો સાંભળીને સૌનો ભક્તિભાવ અનેક ગણો વધી ગયો. ખૂબ પ્રેમપૂર્વક સૌએ ગુરુપૂજન કર્યું. અને આમ ગુરુપૂર્ણિમા મહોત્સવનો કાર્યક્રમ સંપન્ન થયો. આવા તોફાની વરસાદી વાતાવરણમાં પણ દેશભરના ભક્તોએ હાજરી આપીને ગુરુપૂજન, ગુરુઉપદેશ અને ગુરુભોજન-પ્રસાદીનો લાભ લીધો. ઓમ્...ઓમ્...ઓમ્...

ગુરુપૂર્ણિમા નિમિત્તે પ. પૂ. ગુરુદેવ ઉપર આવેલા ભક્તોના પત્રોમાંથી

(૧)

મુરબ્બી, વડીલો, સાથીઓ, કાર્યકરો, ભક્તજનો.

યોગ્ય વ્યક્તિની જે સમાજ કદર કરતો નથી તે લાંબે ગાળે નાશ પામે છે.

આપ સૌ સંત, જ્ઞાની, સેવાપ્રવૃત્ત, વાચક, વિચારક, લેખક, જૂના અને નવા વિચારોમાં વિવેકપૂર્વકના માર્ગદર્શક એવા અને સદ્‌ગુણોથી ભર્યા ભર્યા પ. પૂ. યોગભિક્ષુજી મહારાજના અભિવાદન નિમિત્તે મળો છો તે માટે અમારા સૌ તરફથી હૃદયપૂર્વકના વંદન, અભિનંદન, ધન્યવાદ.

નં. ૬૬ - સત્‌સાહિત્ય પ્રચારપત્રિકામાં પણ માત્ર સૌમ્ય પાસું જ નહીં પણ ઉગ્ર, રૌદ્ર પાસું પણ મહત્ત્વનું છે, તે સરસ રીતે સમજાવ્યું છે. (ગુરુપૂર્ણિમા નિમિત્તે પ્રગટ થયેલ આ પત્રિકામાંના લખાણનું શીર્ષક "ગુરુનિંદા કદી ન સાંભળવી" હતું, જેમાં પૂજ્યશ્રીએ ગુરુગીતામાંથી કેટલીક ઉગ્ર રજૂઆતો કરેલી.)

ભગવાન કૃષ્ણ, મહાત્મા ગાંધી વગેરેની માત્ર સૌમ્ય, અહિંસક બાજુની જ વાતોને આમ સમાજ મહત્ત્વ આપે છે, જાણે છે, પ્રચાર કરે છે. તેમના અને અન્ય ગુરુજનોના રૌદ્ર સ્વરૂપની જાણ, પ્રસાર, પ્રચારની પણ વર્તમાન ભારતીય પરિસ્થિતિમાં તાતી જરૂર છે. તેથી તે વિચાર-પ્રચાર માટે પણ ધન્યવાદ, અભિનંદન...

લી. કાન્તિ દેસાઈના પ્રણામ, વંદન.
(નવસારી)

હરખના ઊભરા

(૨)

આંખ મારી ઊઘડે ત્યાં, સાક્ષાત્ ગુરુદેવ નિહાળું;

ધન્ય મારું જીવન, કૃપા એમની ભાળું.
''ૐ ગુરુ ૐ'' મંત્ર, ઓમ્‌પરિવાર ઉચ્ચારે;
પૂજ્ય ગુરુદેવજીનો આનંદ, અમારા અંતરે આવે.
સ્વાધ્યાય અને સત્સંગ,અમારી અંતરની આંખો;
પ્રભુ-ગુરુદેવે દીધી, સાચી સમજણની પાંખો.
શ્રી ગુરુદેવના વિચારો, અમારે અઢળક નાણું;
ગાવું અમારે નિશદિન, ઓમ્‌ગુરુદેવનું ગાણું.
ઓમ્‌પરિવાર અમારાં, સગાં ને સંબંધી;
છૂટી ગ્રંથિ તૂટી, અમારી માયાની બંધી.
શુદ્ધ ભક્તિ વધે, અમારી પૂર્ણિમા જેવી;
પૂજ્ય ગુરુદેવ યોગભિક્ષુજી, આશિષ દેજો એવી.
જોયું રે શ્રી ગુરુદેવ, ચરણ અમીરસ ચાખ્યો;
તોયે રે મનુષ્યજીવન, ધન્ય કરી નાખ્યો.
એ રસ શ્રી સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીએ ચાખ્યો,
એ રસ શ્રી ગુરુપ્રેમભિક્ષુજીએ ચાખ્યો,
એ રસ શ્રી ગુરુધ્યાનભિક્ષુજીએ હૃદયમાં રાખ્યો.
આંખ મારી ઊઘડે, ત્યાં સાક્ષાત્‌ ગુરુદેવ દેખું;
ધન્ય મારું જીવન, કૃપા એમની લેખું;
ગુરુકૃપા એમની લેખું, ગુરુકૃપા એમની લેખું....

- નીલાબેન, શૈલેષભાઈ (મુંબઈ)

(૩)

ગુરુજી અમારાં બ્રહ્મા સ્વરૂપ, મુખડે ઝરતું અમૃત અનુપ;
અલખ નિરંજન છે ભીડભંજન, બાલબ્રહ્મચારી કરીએ વંદન.(૧)
મંત્રનાં બીજ તમે રોપ્યાં ગુરુજી, હૃદયમાં પ્રભુજીને સ્થાપ્યા ગુરુજી;
માયાની બેડીને તોડો ગુરુજી, ભવરણથી અમને છોડો ગુરુજી. (૨)
આ ભવસાગર મહાજળ ભરિયો, કેમ કરી તરીએ આ મોટો દરિયો;
કાંટા ભરેલા રસ્તે રખડતા, પૂણ્યના પંથે વાળ્યા ગુરુજી. (૩)
યોગ અધૂરો પૂરો કરો છો, ભક્તજનોનાં દુઃખડાં હરો છો;
પગલે પાવન કીધા ગુરુજી, ભક્તિનાં દાન દીધાં ગુરુજી.(૪)
હળવદ-નિવાસી છો સુખકારી, યોગભિક્ષુજી ખારા પરઉપકારી;
કૈલાશ તમોને વિનંતી કરે છે, તમારા ચરણોમાં ચીતડું ધરે છે (૫)

-કૈલાશબેન ભુપેન્દ્રભાઈ વકીલ (હળવદ)

(૪)

જોયી કુળમાં દીવો, કરોડ જુગ જીવો ગુરુદેવ;
હળવદ તે ગામ પ્રીત છોડી, અમદાવાદ પ્રીત જોડી ગુરુદેવ..(ધ્રુવ)
બ્રહ્મા સરીખા પિતા પ્રભાશંકરભાઈ
ગોદાવરી બાની કૂખ અજવાળી ગુરુદેવ...
ધર્મને સ્થાપતા, અધર્મને ઉથાપતા;
અવનીમાં આવ્યા અવતારી ગુરુજી..
સનાતન ધર્મનો ઝંડો છે હાથમાં,
અધર્મને લીધા ઉગારી ગુરુદેવ..
ગઢ ગિરનાર જઈ કઠિન તપ કીધાં,
ગુરુ મળ્યા ગિરધારી ગુરુદેવ...
કપરા કળિયુગમાં આપ પધાર્યા,
અનેક દુઃખો નિવાર્યા ગુરુદેવ...
વિશ્વશાંતિ-જપ ગુરુ આપે આરંભ્યા,
યોગભિક્ષુજી ૐ નેજાધારી ગુરુદેવ...
કૈલાશ ભક્ત આપને વીનવે
શરણે રાખો સુખકારી ગુરુદેવ...
જોયી કુળમાં દીવો, કરોડ જુગ જીવો ગુરુદેવ;
હળવદ ગામ પ્રીત છોડી, અમદાવાદ પ્રીત જોડી ગુરુદેવ.

-કૈલાશબેન ભુપેન્દ્રભાઈ વકીલ (હળવદ)

(૫)

દૃષ્ટિ આપો

ગુરુજીનું અમે પૂજન કરીએ, ભેગા થઈને આજ;
સાચી સમજ પામવા, સહુ ભેગા થઈએ આજ;
યોગભિક્ષુજી જેવી દૃષ્ટિ, આપો જય ઓમ્‌ભગવાન.
નદી, સમંદર, ઝરણાંઓ, છે ઓમ્‌નો રણકાર;
જ્ઞાનના ભંડારનું, 'ધર્મમેઘ' છે ધામ,
ખડખડ હસતા ગુરુજી સાથે, આનંદ મળે અપાર,
ગુરુજીના ચરણે પડતાં, જયનારાયણ સંગાથ,
યોગભિક્ષુજી જેવી દૃષ્ટિ, આપો જય ઓમ્‌ભગવાન.
ગુરુપૂર્ણિમા અમને વહાલી, કરતાં પૂજન સાથ;
શ્વેત વસ્ત્ર, છે શ્વેત દાઢી, બાલબ્રહ્મચારી આપ;
ગુરુજીનાં દર્શન કરવા, ભક્તો ઊમટે સાથ;
યોગભિક્ષુજી જેવી દૃષ્ટિ, આપો જય ઓમ્‌ભગવાન.

- કુ. પાલવ રમેશભાઈ પાઠક (હળવદ)

(૬)

તા. ૧૧-૭-૨૦૦૦

તસ્મૈ શ્રી ગુરવે નમઃ

પૂજ્યશ્રી,

'ગુરુપૂર્ણિમા' નિમિત્તે આપશ્રીને અમે ભક્તિભાવપૂર્વક પ્રણામ કરીએ છીએ; સ્વીકારી 'મંગલભાવના' પાઠવશો તેવો વિશ્વાસ છે જ.

'ૐ જયંતી' નિમિત્તે ઉપસ્થિત હતો; ત્યારે આપશ્રીએ જે લાગણી બતાવી હતી તે આજ સુધી ભૂલ્યો નથી. 'પતિતપાવન પ્રેમ' પ્રાપ્ત કરવા માટે જ સમગ્ર જીવન છે. પરમાત્મા પ્રતિ 'વિશ્વાસ' દૃઢ-અચલ રહે તે માટે તો આપશ્રી જેવી વ્યક્તિઓ ભાળી સતત નજર રહે છે. 'ગુરુ' કોઈ નથી છતાં અનેક છે. તત્ત્વજ્ઞ, માર્ગદર્શક તથા મિત્રની હૂંફ સદા રહી જ છે અને એટલે જ શ્રેયનું વિસ્મરણ કદી નથી થતું.

'રક્ષાકવચ'નો સુંદર વિચાર દિલને સ્પર્શી ગયો પણ હું વંચિત રહ્યો. ખાદી પહેરું છું અને ઠંડી ઋતુમાં કોટ-વુલના (ઊનના) ઝભ્ભા પણ પહેરું છું; ગરમ શાલ પણ, ખાદીમંદિરની નહીં. પરંતુ મારા પ્રત્યુત્તર પછી મને રક્ષાકવચ ક્યાંથી મળે ? ''તમે ખાદી જ પહેરો છો ને ?'' - 'હા.' - ત્યારબાદ દલીલને અવકાશ ન રહ્યો. ખૈર! પણ 'પ્રતિરક્ષા' તો અખંડ પ્રાપ્ત થાય છે અને એ તો અભેદ્ય છે. આપશ્રી પણ તે મોકલવા કદી ચૂક્યા નથી. આપનો એ ભગિની-પ્રેમ મારી સતત રક્ષા કરે છે.

ૐ જયંતી નિમિત્તે હું ઉપદેશ-સાર કહેવામાં સંક્ષુબ્ધ થયેલો. આપની વાણીમાં એવો પ્રભાવ હતો કે જે શ્રોતાઓના ભાવને ઝંકૃત કરતો રહે પણ મર્મને વીંધે નહીં. આવાં દર્શનથી હું ક્ષુબ્ધ રહેલો. ખૈર ! પરંતુ હવે એમાં સુધારો થશે જ...

વર્ષો સુધી આપણા સંબંધોમાં જે 'મૈત્રી' ભાવના રહેલી તે આજે ક્ષીણ છે જ. પરંતુ તેનું સ્વરૂપ બદલાયું. આપ પર્વતની ટોચ પર બહુ ઝડપથી પહોંચી ગયા અને હું તો તળેટીમાં ઊભો ઊભો જોતો જ રહ્યો. હોંસ તો ખરી પણ આપના જેવી મસ્તી, ખુમારી અને શક્તિ જોઈએ ને ! જે આપને મળ્યું છે તેથી અમને ખૂબ આનંદ થયો છે. સમાજમાં ('સહજ સમાધિ ભલી') રહીને જે રીતે આપને મળ્યું છે તે ખૂબ નમ્રતાથી વહેંચો છો તેમાં જ આપની ઉપલબ્ધિની મહાનતા છે. સહજ બ્રહ્મચર્યમય જીવન વીતે તેમાં પરમશક્તિની જ કૃપા છે. શુકદેવજી, હનુમાનજી, પરશુરામજી અને ભીષ્મદાદાનું સ્મરણ થઈ આવે છે. આપશ્રી ત્યાં સુધી પહોંચી ગયા તેથી હું તો ખૂબ જ રાજી થયો છું. સહજ-યોગની સિદ્ધિ (આપની) અમારા માટે દીવાદાંડી સમાન છે અને સદા પ્રકાશ પાથરશે. આપની બ્રહ્મનિષ્ઠાને સદા ભાવપૂર્વક પ્રણામ! - ૐ પરિવારના બધાં જ સ્વજનોને મારાં વંદન. ઈશ્વર આપના આરોગ્યની સદા સંભાળ લેતો રહે તેવી પ્રાર્થના.

સદાનાં આપનાં...

લલિતભાઈ, જયાબહેન તથા જાગૃતિ.

(અમદાવાદ)

(૩)

ગુરુપૂર્ણિમા નિમિત્તે 'જીવનસ્મૃતિ' સામયિકના તંત્રી શ્રી મનુભાઈ પંડિત પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના દર્શને આવેલા. ગુરુપૂર્ણિમા મહોત્સવમાં તેઓ હાજર રહી શક્યા નહોતા તેથી 'ધર્મમેઘ'માં (પૂજ્યશ્રીના નિવાસસ્થાને) આવેલા. તેઓ પૂજ્યશ્રીને નમસ્કાર કરીને બેઠા એટલે પૂજ્યશ્રીએ તેમને ગરમ શાલ ઓઢાડી અને તેની મહત્તા સમજાવતાં કહ્યું કે -

''આ શાલને ફક્ત વસ્ત્ર નહીં સમજતાં ગુરુસંતો પાસેથી પ્રાપ્ત થયેલ એક કવચ સમજવું જોઈએ. એને કવચ એટલા માટે કહ્યું, કારણકે ગુરુસંતોના સ્વહસ્તે પ્રાપ્ત થયેલ એ ભેટ-પ્રસાદી, બહાર ચોતરફ ફેલાયેલ આસુરી સંપત્તિને આપણામાં પેસવા નથી દેતી અને આપણામાં રહેલ દૈવી સંપત્તિને બહાર નીકળી જવા નથી દેતી. તો, આવી ભાવના રાખીને આપ આ ગરમ શાલને એક કવચ સમજજો, બખ્તર સમજજો.''

પૂજ્યશ્રીની આ વ્યાખ્યા સાંભળી શ્રી મનુભાઈ ખૂબ પ્રસન્ન થયા. ત્યારબાદ પૂજ્યશ્રીએ તેમને ગુરુપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ વાંચવા આપ્યો. શ્રી મનુભાઈએ અહેવાલ વાંચ્યો અને ખૂબ રાજી થયા. ત્યારબાદ તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતો પત્ર લખ્યો, જે નીચે મુજબ હતો :

તા. ૩૦-૮-૨૦૦૦

જીવનસ્મૃતિ

તંત્રી : મનુ પંડિત

પરમ શ્રદ્ધેય, આદરણીય યોગભિક્ષુજી અને ૐપરિવાર,

સાદર નમસ્કાર.

ભક્તિફેરીના પ્રસંગે આપને મળતાં, આપના સ્વાનુભવો અને ૐપરિવારના જપના આંકડા ખરેખર ઉત્સાહજનક જ હતા. આગામી 'જીવનસ્મૃતિ'ના અંકમાં તે ઉપર નોંધ લખવા વિચાર્યું છે, તેમાં આંકડાનો આધાર તો છાપેલી પત્રિકામાંથી ઉતારીશ.

સંતોની કૃપા અહેતુકી હોય છે, નિરપેક્ષ ભાવે તેઓ સમાજનું કલ્યાણ ઇચ્છતા હોય છે. અમે જે કંઈ નાનકડું કામ કરી રહ્યા છીએ, તેને આપે માન આપી અમારા કામમાં દૃઢતા, શ્રદ્ધા અને સાતત્યની પ્રેરણા પૂરી છે. આ બદલ અમ દંપતી આપનાં ઋણી છીએ.

મંનુ પંડિતનાં વંદન.

સર્વજીવ - સુખશાંતિ - મહાજપયજ્ઞના જાપકોની યાદિ

(દસ લાખથી વધુ જપ કરનાર જાપકો)

ક્રમાંક	જાપકનું નામ/ કુટુંબના વડાનું નામ	જપની સંખ્યા
૧.	શ્રી દયાશંકર શ્રી વાસ્તર ભાવનગર	૬,૫૫,૯૩,૮૦૦
૨.	શ્રી મંજુબેન તથા જયાનંદભાઈ પરિવાર- અમદાવાદ	૧,૦૦,૦૦,૦૦૦
૩.	શ્રી હીરાબેન પંચાલ - અમદાવાદ	૪૮,૬૦,૦૦૦
૪.	શ્રી હર્ષદભાઈ પટેલ - અમદાવાદ	૪૦,૮૨,૮૩૨
૫.	શ્રી પરમાનંદભાઈ રાવલ -અમદાવાદ	૩૩,૪૮,૦૦૦
૬.	શ્રી વિષ્ણુભાઈ પારેખ - ઉમરેઠ	૩૦,૨૪,૦૦૦
૭.	શ્રી ગોપાલભાઈ વાસણવાળા -ઉમરેઠ	૨૮,૩૯,૮૫૨
૮.	શ્રી તરુલતાબેન વ્યાસ પરિવાર -અમદાવાદ	૨૪,૨૪,૦૦૦
૯.	શ્રી હંસાબેન વ્યાસ - અમદાવાદ	૨૧,૬૦,૦૦૦
૧૦.	શ્રી ભાનુભાઈ પંચોલી - અમદાવાદ	૧૯,૪૪,૦૦૦
૧૧.	શ્રી અનસુયાબેન વ્યાસ-અમદાવાદ	૧૮,૬૪,૦૦૦
૧૨.	શ્રી હરિસિંહભાઈ પટેલ-અમદાવાદ	૧૮,૩૬,૦૦૦
૧૩.	શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પરિવાર - ગોવિંદપુરા	૧૮,૦૬,૦૦૦
૧૪.	શ્રી માવજીદા પટેલ પરિવાર-અમદાવાદ	૧૮,૦૫,૩૬૦
૧૫.	શ્રી પનજીભાઈ પટેલ પરિવાર-ગોવિંદપુરા	૧૭,૦૫,૮૬૦
૧૬.	શ્રી માલતીબેન પટેલ - અમદાવાદ	૧૫,૩૪,૩૪૪
૧૭.	શ્રી દોલતરામ પટેલ પરિવાર- વલસાડ	૧૪,૦૮,૩૫૨
૧૮.	શ્રી સુખદેવભાઈ પટેલ પરિવાર-જશદેવપુરા	૧૪,૦૪,૦૦૦
૧૯.	ડૉ. શ્રી કાંતીભાઈ પટેલ- અમદાવાદ	૧૩,૩૫,૦૦૦
૨૦.	શ્રી હંસાબેન પટેલ - અમદાવાદ	૧૩,૧૦,૦૦૦
૨૧.	શ્રી સુનીલ દાસ - અમદાવાદ	૧૩,૦૩,૩૨૦
૨૨.	શ્રી બળદેવભાઈ પટેલ-ખંડેરાવપુરા	૧૨,૯૬,૦૦૦
૨૩.	શ્રી સ્વરૂપજી ઠાકોર - વડોદરા	૧૧,૧૦,૨૪૦
૨૪.	શ્રી ઈન્દિરાબેન પાઠક - અમદાવાદ	૧૦,૯૪,૯૦૪
૨૫.	શ્રી બળદેવભાઈ પટેલ પરિવાર-ગોવિંદપુરા	૧૦,૫૪,૧૮૮
૨૬.	ઉમરેઠ ૐપરિવાર - સમૂહ મંત્રજપ	૧૯,૭૪,૭૮૦

દસ લાખથી ઓછા જપ કરનાર જાપકોની યાદિ
(અમદાવાદ વિસ્તાર)

ક્રમાંક	જાપકનું નામ	જપની સંખ્યા
૧.	શ્રી ધીરુભાઈ સરૈયા	૧,૭૭,૦૦૦
૨.	શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ	૫૦,૦૦૦
૩.	શ્રી નંદુભાઈ પટેલ	૫૦,૦૦૦
૪.	શ્રી કુસુમબેન જોષી	૩,૦૨,૦૦૦
૫.	શ્રી ડાહીબેન પટેલ	૮૯,૪૨૪
૬.	શ્રી હેમલતાબેન દવે	૮૯,૪૨૪
૭.	શ્રી જીતેન્દ્રભાઈ દવે	૮૯,૪૨૪
૮.	શ્રી નંદકુવરબેન પંડ્યા	૮૬,૦૦૦
૯.	શ્રી વિમળાબેન ઉપાધ્યાય	૩૨,૮૦૦
૧૦.	શ્રી સરોજબેન પુરોહીત	૪,૨૪,૧૧૬
૧૧.	શ્રી રમાબેન ભટ્ટ	૬,૧૦,૫૨૪
૧૨.	શ્રી નીમુબેન જાની	૧,૧૯,૧૨૪
૧૩.	શ્રી ભગવતીબેન	૪,૩૨,૦૦૦
૧૪.	શ્રી રાજેશ્વરીબેન ફલાહારી	૩,૦૨૦
૧૫.	શ્રી વિષ્ણુભાઈ શુકલ	૧૦,૮૦૦
૧૬.	શ્રી રાજુલભાઈ સેવક	૪,૨૧,૩૦૮
૧૭.	શ્રી મહીપતભાઈ દવે	૨,૩૮,૭૮૮
૧૮.	શ્રી ભરતભાઈ - ઋષિ પરીખ	૨૧,૮૧૬
૧૯.	શ્રી રમાબેન કીરી	૧,૨૦,૫૨૮
૨૦.	શ્રી અલકાબેન કીરી	૧,૧૮,૯૦૮
૨૧.	શ્રી ભાવનાબેન દવે	૧,૬૨,૦૦૦
૨૨.	શ્રી જયવંતલાલ પટેલ	૧,૩૧,૬૫૨

૨૩.	શ્રી મીનાક્ષીબેન પટેલ	૧,૦૮,૦૦૦	૫૯.	શ્રી મીનીષ પટેલ	૧,૪૫,૨૦૦
૨૪.	શ્રી શશીકાંત પટેલ પરિવાર	૯,૩૬,૩૬૦	૬૦.	શ્રી સંદીપ પટેલ	૨૭,૫૬૦
૨૫.	શ્રી મીતા જોષી	૫૧,૦૦૦	૬૧.	શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ પરિવાર	૯,૪૯,૯૬૮
૨૬.	શ્રી પોપટભાઈ પટેલ	૪,૫૦,૦૦૦	૬૨.	શ્રી ચંદ્રકાંતભાઈ પરીખ પરિવાર	૩,૦૦,૦૦૦
૨૭.	શ્રી શ્વેતા ઓઝા	૧,૦૮,૦૦૦	૬૩.	શ્રી દામોદરભાઈ પટેલ પરિવાર	૪,૩૨,૦૦૦
૨૮.	શ્રી દક્ષાબેન નાંદોદવાલા	૧,૪૦,૨૯૨	૬૪.	શ્રી ગીતાબેન પટેલ	૧,૦૦,૧૧૧
૨૯.	શ્રી નયનાબેન જાની	૨,૫૮,૯૭૬	૬૫.	શ્રી ઈન્દિરાબેન એન. પટેલ	૯૩,૧૬૦
૩૦.	શ્રી મનોરમાબેન ભટ્ટ	૨,૫૮,૯૭૬	૬૬.	શ્રી જયંતીભાઈ પંડ્યા	૧,૭૭,૦૦૦
૩૧.	શ્રી દીપિકાબેન ભટ્ટ	૭૧,૨૯૦	૬૭.	શ્રી અંબાલાલભાઈ પટેલ પરિવાર	૨,૦૯,૦૦૦
૩૨.	શ્રી પ્રવીણચંદ્ર શાહ	૩,૬૭,૨૦૦	૬૮.	શ્રી રેખાબેન પટેલ	૫૧,૦૦૦
૩૩.	શ્રી વિઠલભાઈ પટેલ	૧,૦૯,૦૯૦	૬૯.	શ્રી હરિભાઈ પટેલ પરિવાર	૪,૩૨,૦૦૦
૩૪.	શ્રી શર્મિષ્ઠાબેન પંડ્યા	૧,૯૩,૬૦૦	૭૦.	શ્રી જદવભાઈ પટેલ પરિવાર	૭,૬૭,૬૯૬
૩૫.	શ્રી અકુલાબેન શાહ	૧,૪૪,૫૦૪	૭૧.	શ્રી ચંદુભાઈ પટેલ	૩,૭૯,૦૯૦
૩૬.	શ્રી દેવિકાબેન ત્રિવેદી	૫૪,૦૦૦	૭૨.	શ્રી નારાયણભાઈ પટેલ	૩,૭૯,૦૦૦
૩૭.	શ્રી મુકેશ જોષી	૭,૩૪૪	૭૩.	શ્રી પ્રવીણભાઈ પટેલ	૭૨,૩૬૦
૩૮.	શ્રી ચંપાબેન પાણિક	૩૨,૪૦૦	૭૪.	શ્રી મણીલાલ પટેલ	૨,૧૦,૦૦૦
૩૯.	શ્રી શાંતાબેન પટેલ	૯,૫૪૦	૭૫.	શ્રી પંકજભાઈ શાહ	૧,૯૪,૪૦૦
૪૦.	શ્રી કનૈયાલાલ પંડ્યા	૧,૩૫,૦૦૦	૭૬.	શ્રી મીનાબેન શાહ	૮,૩૧૬
૪૧.	શ્રી મહેન્દ્રભાઈ પટેલ	૭૦,૨૦૦	૭૭.	શ્રી ઉમાબેન પટેલ - ગાંધીનગર	૫૫,૦૯૦
૪૨.	શ્રી કાંતિભાઈ મો. પટેલ	૫૪,૧૦૮	૭૮.	શ્રી કરસનભાઈ પટેલ	૧,૭૫,૦૦૦
૪૩.	શ્રી ભાર્ગવભાઈ પંડ્યા	૪૮,૬૦૦	૭૯.	શ્રી સીમાબેન શાહ	૧,૦૦,૦૦૦
૪૪.	શ્રી સતીષચંદ્ર કોઠારી	૩૭,૯૦૦	૮૦.	શ્રી પુષ્પાબેન પટેલ	૧,૦૦,૦૦૦
૪૫.	શ્રી જતિનભાઈ શાહ	૫૪,૦૦૦	૮૧.	શ્રી સુશીલાબેન મોદી	૧,૦૦,૦૦૦
૪૬.	શ્રી શેખરભાઈ પટેલ	૩,૩૪,૯૦૦	૮૨.	શ્રી કાંતિભાઈ પટેલ પરિવાર	૩૨,૪૦૦
૪૭.	શ્રી સુનિલેભાઈ પટેલ (USA)	૧,૨૧,૪૪૮	૮૩.	શ્રી જયંતીભાઈ માણેકલાલ	૨,૨૬૮
૪૮.	શ્રી ઓમકારભાઈ રાવલ (USA)	૧,૮૩૬	૮૪.	શ્રી પ્રભાલાલભાઈ પટેલ	૭૦,૨૦૦
૪૯.	શ્રી અલ્પાબેન પંડ્યા	૪૦,૫૦૦	૮૫.	શ્રી મણિભાઈ અં. પટેલ	૫૭,૨૪૦
૫૦.	શ્રી રમેશભાઈ પરીખ	૫૦,૦૦૦	૮૬.	શ્રી પ્રભાલાલભાઈ ગ. પટેલ	૧,૦૮,૦૦૦
૫૧.	શ્રી ગુરુદેવપ્રસાદ પરિવાર	૫૪,૨૧૬	૮૭.	શ્રી મુકેશભાઈ વ્યાસ	૪૮,૬૦૦
૫૨.	ડૉ. શ્રી સદ્‌ગુરુસમર્પણાભિક્ષુ/નીરુબેન	૨,૪૬,૮૮૮		**ખાખરિયા ટપ્પા વિસ્તાર**	
૫૩.	ડૉ. શ્રી પરેશ પટેલ	૨૯,૭૦૦	૧.	શ્રી મહાદેવભાઈ પટેલ - મેડા	૩,૩૩,૩૩૩
૫૪.	ડૉ. શ્રી જિગીષા પટેલ	૧,૦૦,૦૦૮	૨.	શ્રી ઓપવજીભાઈ પટેલ - મેડા	૩,૦૧,૬૪૦
૫૫.	ડૉ. મીનળબેન પટેલ	૧,૬૨,૦૦૦	૩.	શ્રી ભવાનભાઈ પટેલ - જેસંગપુરા	૫,૦૦,૦૦૦
૫૬.	શ્રી શકુંતલાબેન પટેલ	૭૩,૪૪૦	૪.	શ્રી મહાદેવભાઈ પટેલ - ખરેડાવપુરા	૪,૦૦,૦૦૦
૫૭.	શ્રી ડાહીબેન પટેલ	૩,૭૪;૫૬૪	૫.	શ્રી ચંપાબેન પટેલ - જેસંગપુરા	૧,૦૮,૫૪૦
૫૮.	ડૉ. શ્રી અર્પિત પટેલ	૨૫,૦૦૦	૬.	શ્રી રામભાઈ ભરવાડ પરિવાર - દેલ્લા	૪,૩૭,૭૫૮

૭. શ્રી બબાભાઈ પટેલ - મહાદેવપુરા ૧,૬૧,૦૦૦
૮. શ્રી વાલજીભાઈ પટેલ - જયદેવપુરા ૮૦,૦૦૦
૯. શ્રી ઝવેરભાઈ પટેલ - જયદેવપુરા ૪,૭૮,૩૨૦
૧૦. શ્રી મહિલા મંડળ - જયદેવપુરા ૪,૦૦,૦૦૦

હળવદ, રાજકોટ, ભાવનગર (સૌરાષ્ટ્ર વિસ્તાર)

૧. શ્રી ચીમનભાઈ પટેલ પરિવાર - રણાપુર ૪,૧૫,૦૪૪
૨. શ્રી રેખાબેન જોશી પરિવાર - રાજકોટ ૧,૮૩,૯૨૪
૩. શ્રી રમાબેન જોશી - હળવદ ૧૪,૨૫૬
૪. શ્રી ચંદ્રકાંતભાઈ ઝાલા - હળવદ ૨,૨૬૮
૫. શ્રી મહેશભાઈ દવે - હળવદ ૧,૧૮૮
૬. શ્રી કીર્તિભાઈ દવે - હળવદ ૧,૧૮૮
૭. શ્રી રમેશભાઈ જોષી - હળવદ ૬૮,૯૦૪
૮. શ્રી પરેશભાઈ કોઠારી - હળવદ ૬૮,૯૦૪
૯. શ્રી મગનલાલ વાઘેલા - હળવદ ૫,૪૦૦
૧૦. શ્રી નાનાલાલ રાઠોડ - હળવદ ૨,૭૦૦
૧૧. શ્રી વસંતરાય ત્રિવેદી - હળવદ ૯૪૫
૧૨. શ્રી ચુનીલાલ વાળંદ - હળવદ ૪,૮૬૦
૧૩. શ્રી હરિલાલ જોષી - હળવદ ૬૧,૮૬૪
૧૪. શ્રી અશોકભાઈ વૈષ્ણવ - હળવદ ૧૧,૦૦૦
૧૫. શ્રી ચંદુલાલ બાવળિયા - હળવદ ૧૧,૦૦૦
૧૬. શ્રી ઘનશ્યામભાઈ રાવલ - હળવદ ૧,૦૦૧
૧૭. શ્રી પ્રભાકર ઠાકર - હળવદ ૫,૫૦૮
૧૮. શ્રી જગદીશભાઈ મહેતા - હળવદ ૫,૦૦૦
૧૯. શ્રી અરવિંદભાઈ મહેતા - હળવદ ૫,૦૦૦
૨૦. શ્રી પુરુષોત્તમદાસ પટેલ - હળવદ ૧૫,૦૦૦
૨૧. શ્રીમતી ભૂપેન્દ્રભાઈ દવે - હળવદ ૧,૦૫,૦૦૦
૨૨. શ્રી હેમંતભાઈ જોષી - હળવદ ૨,૧૨,૫૮૦
૨૩. શ્રી નીતાબેન જોષી - હળવદ ૧,૦૦,૦૦૦
૨૪. શ્રી ચંદ્રકાંતભાઈ જોષી - હળવદ ૬,૬૯,૬૦૦
૨૫. શ્રી જ્યોત્સનાબેન રાવલ - ભાવનગર ૫૧,૮૪૦
૨૬. શ્રી રમેશભાઈ પાઠક - હળવદ ૧,૦૦,૦૦૦
૨૭. શ્રી જયશ્રીબેન પાઠક - રાજકોટ ૬૩,૦૦૦
૨૮. શ્રી જલ્પાબેન પંડ્યા - રાજકોટ ૬,૦૦૦
૨૯. શ્રી રશ્મિબેન મહેતા - સુરેન્દ્રનગર ૨૨,૧૪૦
૩૦. શ્રી હર્ષદાબેન - રાજકોટ ૩,૫૩,૦૦૦
૩૧. શ્રી મંગળાબેન - રાજકોટ ૬૮,૨૮૦
૩૨. શ્રી ચંપાબેન - રાજકોટ ૬૮,૨૮૦
૩૩. શ્રી હેતલબેન - રાજકોટ ૪૯,૦૦૦
૩૪. શ્રી તરુબેન - રાજકોટ ૨૪,૫૦૦
૩૫. શ્રી મમતાબેન - રાજકોટ ૨૪,૫૦૦
૩૬. શ્રી સંદીપભાઈ - રાજકોટ ૨૪,૫૦૦
૩૭. શ્રી લીલાવતીબેન - રાજકોટ ૫૪,૬૦૦
૩૮. શ્રી ભાવિકાબેન - રાજકોટ ૨૪,૫૦૦
૩૯. શ્રી શીતલબેન - રાજકોટ ૪૯,૦૦૦
૪૦. શ્રી રીતાબેન - રાજકોટ ૫,૦૦૦
૪૧. શ્રી અખિલેશ વૈદ્ય - ભાવનગર યથાશક્તિ
૪૨. શ્રી ભૂપેન્દ્રભાઈ વકીલ પરિવાર - હળવદ ૨,૮૩,૪૪૨

ડાકોર, ઉમરેઠ, નડિયાદ, ખેડા, વડોદરા વિસ્તાર

૧. શ્રી નવીનચંદ્ર સોની - નડિયાદ ૧,૦૮,૦૦૦
૨. શ્રી પૂજાકાકા રસોઈયા - ઉમરેઠ ૫,૭૮,૩૪૦
૩. શ્રી તુષાર પંડ્યા - ઉમરેઠ ૫,૪૦,૦૦૦
૪. શ્રી જયશ્રીબેન પંડ્યા - ઉમરેઠ ૪,૬૨,૮૦૪
૫. શ્રી શાંતિપ્રસાદ પંડ્યા - ઉમરેઠ ૮,૧૭,૦૦૦
૬. શ્રી ઠાકોરભાઈ - ઉમરેઠ ૨૫,૩૮૦
૭. શ્રી વસંતભાઈ તલાટી - ઉમરેઠ ૧,૪૮,૫૦૦
૮. શ્રી સુધીરભાઈ સોની - ઉમરેઠ ૧,૫૧,૭૪૦
૯. શ્રી ચિરાગભાઈ સોની - ઉમરેઠ ૮૩,૧૬૦
૧૦. શ્રી બંસીલાલ શેઠ - ઉમરેઠ ૭,૫૬,૦૦૦
૧૧. શ્રી કમલેશભાઈ પટેલ - ઉમરેઠ ૧૬,૨૦૦
૧૨. શ્રી મીનાક્ષીબેન પંડ્યા - ઉમરેઠ ૭,૫૬૦
૧૩. શ્રી ભરતભાઈ પંડ્યા - ઉમરેઠ ૫,૧૮૪
૧૪. શ્રી રમેશચંદ્ર પંડ્યા - વડોદરા ૧,૩૫,૦૦૦
૧૫. શ્રી જેલીબેન પંડ્યા - નડિયાદ ૭૫,૬૦૦
૧૬. શ્રી નિર્મીષકુમાર પંડ્યા -નડિયાદ ૭૦,૨૦૦
૧૭. શ્રી પ્રકાશચંદ્ર ઠક્કર - ખેડા ૮૦,૪૬૦
૧૮. ડાકોર ઓમ્‌પરિવાર - ડાકોર ૨,૬૨,૬૧૬
૧૯. ખેડા ઓમ્‌પરિવાર - ખેડા ૮,૯૬,૪૦૦
૨૦. શ્રી જ્યોતિષભાઈ પંડ્યા - નડિયાદ ૩,૨૪,૦૦૦

વલસાડ, નવસારી, અંકલેશ્વર, દક્ષિણ ગુજરાત વિસ્તાર

૧. શ્રી દોલતરાય નાયક - જલાલપોર ૭,૭૧૬
૨. શ્રી ચંદ્રકાન્ત દેસાઈ પરિવાર - વલસાડ ૭૬,૭૮૬
૩. શ્રી ચંપકભાઈ ટેડેલ - વલસાડ ૧,૧૮,૮૦૦

૪.	શ્રીમતી આશા ચંદ્રેષ - વલસાડ	૫૯,૫૦૮
૫.	ડૉ. શ્રી બચુભાઈ આચાર્ય - વલસાડ	૧,૪૧,૯૧૨
૬.	શ્રી મીનાબેન દેસાઈ - વલસાડ	૨૯,૧૬૦
૭.	શ્રી દીપાબેન પટેલ - વલસાડ	૨,૨૯૮
૮.	શ્રી લીનાબેન દેસાઈ - વલસાડ	૬,૨૬૪
૯.	શ્રી પરિંદાબેન - વલસાડ	૨૭,૪૩૨
૧૦.	શ્રી શીલાબેન પટેલ - વલસાડ	૧૦,૯૦૮
૧૧.	શ્રી કૌશિકભાઈ દેસાઈ - વલસાડ	૬,૪૮૦
૧૨.	શ્રી હેતલબેન દેસાઈ - વલસાડ	૬,૪૮૦
૧૩.	શ્રી સુમનભાઈ દેસાઈ - વલસાડ	૪૧,૦૪૦
૧૪.	શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ - વલસાડ	૭,૫૬૦
૧૫.	શ્રી વિજયભાઈ ગાંધી - વલસાડ	૨૭,૯૭૨
૧૬.	શ્રી હેમાબેન રાણા - વલસાડ	૧૧,૯૪૬
૧૭.	શ્રી પન્નાબેન બલસારા - વલસાડ	૮,૬૬૪
૧૮.	શ્રી જિતુભાઈ દેસાઈ - વલસાડ	૩૯,૦૯૬
૧૯.	શ્રી કમલેશભાઈ ભટ્ટ - વલસાડ	૨,૭૦૦
૨૦.	શ્રી સરલાબેન દેસાઈ - વલસાડ	૬,૦૪૬
૨૧.	શ્રી ધનીબેન ટંડેલ પરિવાર - વલસાડ	૧,૩૧,૦૦૪
૨૨.	શ્રી મહારૂખ ગોલેકર - વલસાડ	૨૪,૫૧૬
૨૩.	શ્રી રમાગૌરી પટેલ - વલસાડ	૮,૨૦૬
૨૪.	શ્રી ઊર્મિલાબેન પટેલ - વલસાડ	૧,૯૪૪
૨૫.	શ્રી સુમનભાઈ - વલસાડ	૪૪,૨૮૦
૨૬.	શ્રી મધુબેન વિદ્યાર્થી - વલસાડ	૩,૫૦,૦૦૦
૨૭.	શ્રી ભાણાભાઈ પટેલ - નવસારી	૩,૭૮,૬૪૮
૨૮.	શ્રી જશુબેન પટેલ - નવસારી	૬,૩૩,૮૫૨
૨૯.	શ્રી હર્ષદભાઈ પટેલ - નવસારી	૨,૯૬,૬૭૬
૩૦.	શ્રી જ્યોત્સનાબેન પટેલ - નવસારી	૬,૦૧,૩૪૪
૩૧.	શ્રી અરવિંદભાઈ પટેલ - નવસારી	૧,૦૦,૮૭૨
૩૨.	શ્રી હર્ષેશ પટેલ - નવસારી	૧,૦૬,૮૧૨
૩૩.	શ્રી કામિની રમેશભાઈ - નવસારી	૨,૪૧,૦૫૬
૩૪.	શ્રી દુર્લભભાઈ પટેલ પરિવાર - નવસારી	૧,૫૧,૯૫૬
૩૫.	શ્રી ભાનુબેન પટેલ - નવસારી	૩૩,૪૮૦
૩૬.	શ્રી છાયાબેન કાંતુભાઈ - નવસારી	૨૩,૬૭૮
૩૭.	શ્રી રમેશભાઈ મહેતા - અંકલેશ્વર	૧,૦૨,૦૦૦
૩૮.	શ્રી વિવેકભાઈ મહેતા - અંકલેશ્વર	૮,૧૦૦

મુંબઈ અને અન્ય વિસ્તાર

૧.	શ્રી નીલાબેન પાઠક - મુંબઈ	૫,૨૨,૨૮૮
૨.	શ્રી સનાતનભાઈ વીંછી પરિવાર - મુંબઈ	૫,૪૦,૦૦૦
૩.	શ્રી હસમુખભાઈ પટેલ પરિવાર - મુંબઈ	૧,૮૬,૦૮૪
૪.	શ્રી પરશુરામ આચાર્ય - મધ્યપ્રદેશ	૨૭,૦૦૦
૫.	શ્રી રજનીકાંતભાઈ પારેખ - મુંબઈ	૧,૧૧,૦૦૦
૬.	શ્રી હર્ષદભાઈ પંડ્યા પરિવાર	૩,૫૦,૨૪૪

શ્રી ચીરુબેન અને પ્રફુલ્લ પાણિક - મણિનગર યથાશક્તિ

શ્રી આદર્શભાઈ દલાલ - અમેરિકા ૧,૦૦,૦૦૦

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવક્તા :- યોગાભિક્ષુ
સંકલન :- નેષધ વ્યાસ

સંસ્મરણો

તા. ૧-૯-૨૦૦૦

ચાર-છ દિવસ પહેલાં પ. શ્ર. મનુભાઈ પંડિત (''જીવનસ્મૃતિ''ના તંત્રી અને ''વિશ્વ વાત્સલ્ય''ના સહતંત્રી) મળવા આવ્યા. અમે બરાબર તે જ સમયે ભોજન માટે બેઠા હતા એટલે તેમને બેસવા માટે વરંડામાં ખુરશી મૂકી આપી. અમને વિચાર આવ્યો કે અમારું ભોજન પૂરું થશે ત્યાં સુધી તેમનો સમય કઈ રીતે પસાર થશે? એટલે અમે ઊભા થઈને તેમને ગુરુપૂર્ણિમા મહોત્સવનો (''ઋતંભરા'' સામયિકમાં મૂકવા માટેનો) અહેવાલ, કે જે તપાસી જવા માટે નેષધભાઈ આપી ગયા હતા તે, જોવા આપ્યો. ગુરુપૂર્ણિમાનો અહેવાલ તેમને રસ પડે તેવો હતો. તેમણે એ અહેવાલ વાંચ્યો ત્યાં સુધીમાં અમે જમી પણ લીધું. પછી તેઓ અમારી પાસે બેઠા અને અમને તેમનાં નવાં પ્રકાશનો (હિતેષીના પત્રો, બાલકોબાજી કા વિચાર-ધન અને ભક્તિયોગ) ભેટ આપ્યાં. પ. શ્ર. સંતબાલજી, ચીંચણીવાળા પ. શ્ર. મણીભાઈ પટેલ તથા ઈન્દોરવાળા પ. શ્ર. માનવમુનિજી વિષે અને બીજી પણ અનેક પ્રેરક વાતો થઈ. અમે તેમને કહ્યું કે -

તમે ગુરુપૂર્ણિમાના દિવસે હાજર ન રહી શકશો. તે દિવસે વસ્ત્ર વગેરે ઓઢાડીને અમુક અમુક વ્યક્તિઓનું સન્માન

કરવામાં આવ્યું હતું. તમારું પણ સન્માન કરવાનું હતું પણ તમે તે દિવસે હાજર નહોતા, તેથી આજે તમારું સન્માન શાલ ઓઢાડીને કરીએ છીએ.

આટલું કહીને અમે તેમને શાલ ઓઢાડીને, તેમના સેવાકાર્યને બિરદાવીને તેમને શુભેચ્છાઓ આપી. તેઓશ્રીએ ખૂબ ભાવવિભોર થઈને ભેટ-વસ્ત્રનો સ્વીકાર કર્યો. આ પ્રસંગ પછી થોડા દિવસે તેમનો આભાર માનતો પત્ર આવ્યો, જે 'ઉતમભરા'ના આ અંકમાં જ પ્રગટ કર્યો છે. અસ્તુ.

જે ભેટ-વસ્ત્રો આધ્યાત્મિક મિત્રો-સ્નેહીઓને ઓઢાડવામાં આવે છે તેની પાછળ આવી ભાવના રહેલી હોય છે -

આ માત્ર વસ્ત્ર જ નથી પણ અક્ષર છે - રક્ષાકવચ છે. આ વસ્ત્રના માધ્યમથી અમે સૌ અમારી શુભેચ્છા-ભાવના વ્યક્ત કરીએ છીએ કે આ વસ્ત્ર સદાય આપના માટે રક્ષા-કવચનું કામ કરો. બહારની પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ્યારે આસુરીશક્તિ તમને વિચલિત કરવા તમારા પર હુમલો કરે ત્યારે આ રક્ષાકવચ તે આસુરીશક્તિને તમારા અંતરમાં પેસવા ન દઈને તમારી રક્ષા કરો. અને જ્યારે તમારા અંતરમાં રહેલી દિવ્યશક્તિ તમારો સાથ છોડીને બહાર નીકળી જવાનો પ્રયત્ન કરે ત્યારે પણ આ રક્ષા-કવચ તેને બહાર નીકળી ન જવા દઈને તમારી રક્ષા કરો. ભલે આ વસ્ત્રકવચને આપ રાત્રી-દિવસ ધારણ કરી રાખતા ન હો પણ અમારી શુભેચ્છાભાવનાનું સૂક્ષ્મ રક્ષાકવચ હરદમ તમારી સાથ હો અને પ્રતિપળ તમારી રક્ષા કરો તેવી ઓમ્‌પરમાત્માને પ્રાર્થના. અસ્તુ.

અમારા નિવાસસ્થાન 'ધર્મમેઘ'માંથી ભક્તોએ વિદાય લીધા પછી ઘરનાં સૌ વાતે વળગ્યાં કે "આ વંરડો થોડો મોટો કરાવ્યાથી ખૂબ સગવડ થઈ છે. મહેમાનોને વરંડામાં બેસાડી શકાય છે. આપણો વંરડો ખાસ્સો મોટો છે; ગોમતીપુરમાં અમુક સ્નેહી તો આ વરંડા જેવડી રૂમમાં જ રહે છે."

ઉપરોક્ત વાતોના અનુસંધાનમાં અમે વર્ષો પૂર્વેના અમારા મુંબઈના અનુભવો રજૂ કર્યા :

નાની રૂમમાં સગવડ

અમે મુંબઈમાં ગોરીવલીમાં જે રૂમમાં રહેતા તે પણ આ વરંડા જેવડી જ હતી, લગભગ ૧૦' x ૧૨' ની. તે રૂમમાં જ એક ખૂણામાં ચોકડી હતી, લગભગ ૩' x ૩'ની. ઓરડાની એક બાજુ ઈંટની પાળી ચણેલી હતી જે પાણિયારા તરીકે ઉપયોગમાં લેવાતી હતી. આ રૂમમાં જ લગભગ ૧૨ x ૩॥ ફૂટનું લાકડાનું માળિયું અમે બંને ભાઈઓએ જાતે બનાવેલું. એ માળિયા પર જ અમારું સીવવાનું કામ ચાલતું. તે વખતે અમે માહિમમાં નોકરી પણ કરતા. બોરીવલીથી ટ્રેનમાં માહિમ જવા-આવવાના સમયમાં અમે હિન્દીનો અભ્યાસ કરતા. એ રીતે જ "પ્રારંભિક"થી "રત્ન" સુધીનો અભ્યાસ કર્યો. મોટાભાઈ તેમની ઓફિસમાંથી ટ્રંટરના તાર(રદ્દી કાગળો)ના કાગળનાં ટીપણાં લાવતા, જે એક બાજુ છપાયેલા અને એક બાજુ કોરા હોય. તે કાગળોમાંથી અમારી ભણવાની નોટબુકો બનતી. જે સ્કૂલમાં અમે ભણતા હતા તે જ સ્કૂલમાં પ્રમાણિત પ્રચારક તરીકે હિંદી શિક્ષક તરીકેની સેવા પણ આપેલી. અભિનય-કળાનો ખૂબ શોખ એટલે ક્યારેક સ્ટુડિઓમાં પણ ચક્કર લગાવી આવતા. જ્યાં રહેતા હતા ત્યાં પાણીની સગવડ નહોતી તેથી નહાવા-ધોવા બહારના જંગલના કૂવે જતા. ચાલીના સૌના સહિયારાં પાંચ-છ જાજરૂ હતાં. ત્યાં ખૂબ ગંદકી થતી. ચોમાસામાં જાજરૂમાં એટલી ઈયળો ઊભરાતી કે જાજરૂ બેઠેલાના પગ પર ચડવા લાગતી.

અમારા રૂમની નળિયાની છત એટલી નીચી કે માળિયા પર ઊભા નહોતા થવાતું. જો ઊભા થવા જઈએ તો ઉપરનાં વિલાયતી નળિયે માથું ભટકાય. સીવવાના કામ માટે માળિયા ઉપર ખુરસીમાં બેઠા હોઈએ ત્યારે નળિયાંને અને માથાને દશ-પંદર ઈંચ છેટું રહે. બપોરે નળિયાં ખૂબ તપે એટલે તાપ પણ ભયંકર લાગે. મોટાભાઈ સપરિવાર અને અમે, એમ સૌ રૂમમાં જ આનંદથી રહેતાં. નિશાળનાં નાટકોમાં પણ ઉત્સાહભેર ભાગ લેતા. ઘરમાં જરૂરત પૂરતાં બધાં કાર્યો હાથે જ પતાવતા; જેમકે કડિયાકામ, સુથારકામ, લુહારકામ, દરજીકામ, ભરત-ગૂંથણનું કામ વગેરે. એ કાળે આવાં અનેક કાર્યો એક સાથે કરતા અને તંદુરસ્તી અને આનંદ સાથે જીવતા.

મોટા ઘરમાં જેમ મોકળાશની સગવડ હોય છે તેમ નાના ઘરમાં સંકડાશની પણ એક પ્રકારની સગવડ હોય છે. જેમ ઘર નાનું તેમ તેને સાફસૂફ કરવાની અને તેને સમારકામ(રિપેરિંગ) કરાવવાની પણ મગજમારી સાવ ઓછી. નાની રૂમ હોય તો તેની વચ્ચે ઊભા-ઊભા જ સાવરણીથી રૂમની ચારે દીવાલો સાફ કરી નંખાય. મોટો બંગલો

હોય તો દર વર્ષે, તેને ઠીકઠાક રાખવા અમુક રકમ તો વાપરવી જ પડે. આ બધું મગજ પર ટેન્શન તો ખરું જ ને? સામાન્ય પ્રસંગોમાંથી આવી રહસ્યની વાતો સાંભળવા મળે એ પણ સદ્‌ભાગ્ય કહેવાય. પણ આવી ઉપયોગી વાતો સાંભળવામાં કોને રસ છે? સૌએ દેખાદેખી, આંધળા અનુકરણ અને બાહરી ચકાચૌંધ પાછળ દોટ મૂકી છે. લોકો તો ત્યાં સુધી વિવેકભ્રષ્ટ થઈ ગયા છે -

તેઓ કહે છે કે "મીઠું ઝેર ખાઈને ભલે મરી જઈએ, તોય અમારે કડવું અમૃત પીને જીવવું નથી! લોકમાનસ આટલી હદે ખુશામત-પ્રિય થઈ ગયું છે! સામાન્ય લોકોની દીર્ઘદૃષ્ટિ સાવ મરી પરવારી છે. અસ્તુ.

સહાધ્યાયીઓ દ્વારા પ્રાપ્ત થયું "બહાદુરશાહ" નામ

એકાદ માસ પહેલાં બેન સરોજબેન અને તેમના પતિ ઈંદ્રવદનભાઈ મળવા આવ્યા. તેમને ઘણાં વર્ષો પછી મળવાનું થયું. તેઓએ પૂછ્યું, "મને ઓળખી?" અમે કહ્યું હા, થોડા સમય પહેલાં તમારો માણસ તમારા ખબર લઈને આવ્યો હતો તેથી ઓળખી લીધાં. સરોજબેનની સાથે તેમના ૮૧ વર્ષનાં બા પણ હતાં.

અમે બોરીવલીમાં હિંદીનો અભ્યાસ કરતા હતા ત્યારે બેન અમારાં સહાધ્યાયી હતાં. તેમના પિતાશ્રી હિંદીના શિક્ષક હતા. તે આખા પરિવાર સાથે અમારે આત્મીયતા. બેન અમને મળવા આવ્યાં ત્યારે બીજા આઠ-દશ ભક્તો બેઠેલા જ હતા. તેમને અમે કહ્યું કે તમે સૌ અમને યોગભિક્ષુ નામથી ઓળખો છો પરંતુ આ બેન અમને "બહાદુરશાહ" નામથી પણ ઓળખે છે. આ સાંભળીને તમને સૌને પણ આશ્ચર્ય અને પ્રશ્ન થશે. તેનો ખુલાસો કરીએ -

"રત્ન"માં અમારે પાઠ્યપુસ્તકમાં "રક્ષાબંધન" નામનું નાટક ચાલતું. વાચન સુધારવા માટે વર્ગમાં એ પુસ્તકને બધા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પાસે વારાફરતી વંચાવતા. વાંચવાનો અમારો વારો આવ્યો ત્યારે જે પૃષ્ઠો અમારે વાંચવાનાં હતાં તે 'બહાદુરશાહ' નામનું પાત્ર જ બોલે છે તે હતાં. એ પૃષ્ઠો અમે એવી અદાથી વાંચ્યાં કે સૌ ખુશખુશાલ થઈ ગયા અને ત્યાર પછી તેઓ સૌ અમને "બહાદુરશાહ"ના લુલામાણા નામથી પણ ઓળખવા લાગ્યા, બોલાવવા લાગ્યા. એ વખતે અમે મુગટરામ જોશી હતા. તમને સૌને પણ આજે આ સાંભળી-વાંચીને નવું નામ જાણવા મળ્યું. કેટલાં બધાં નામ! મુગટ, મુગટરામ, મુગટરામ જોશી, મોસાળમાં ભાણો, આજરિયામાં મુગટ મહારાજ, બાપુ, બાપજી, આચાર્ય, લોકસંત, યોગી, યોગીરાજ, યોગભિક્ષુ વગેરે. વધુમાં વધુ પ્રચલિત થયેલું નામ - યોગભિક્ષુ.

"ચિત્રલેખા" (ઉપન્યાસ)ના, તથા "રક્ષાબંધન"ના અમુક સંવાદો તો અમને કંઠસ્થ થઈ ગયેલાં. અમે પણ ઉર્દૂ ભાષા જાણીએ છીએ એ બતાવવાની જરૂરત પડે ત્યારે અમે નીચેનો સંવાદ બોલીને સાંભળનારને પ્રસન્ન અને આશ્ચર્યચકિત કરી દેતા -

"બાગી બહાદુરશાહ કી પનાહ દેના બાહમી દોસ્તાના તાલ્લુકાત કે ખિએ મુફિદ હૈ; ઔંપ ઉસે મુઝે સુપુર્દ કર દેં, વરના મુઝે મેવાડ પર મજબૂરન ચઢાઈ કરની હોગી."

આ સંવાદ બોલ્યા પછી મનમાં ડર રહેતો કે જો હવે વધુ બોલવાની જરૂરત પડશે તો આથી વધુ ઉર્દૂનો એક શબ્દ પણ આપણે જાણતા નથી. અમે પણ ઉર્દૂના જાણકાર છીએ એ બતાવવા ક્યારેક આ શેર પણ બોલતા -

ઈશ્વરને કતરા હૈ દરિયામેં ફના હો જના,
દર્દકા હદ સે ગુજરના, હૈ દવા હો જના!

અમે "રત્ન"માં પહેલા પ્રયત્ને અનઉત્તીર્ણ થયેલા - સુવિધા (એકઝમ્પ્શન) મળેલ, પણ મૌખિક પરીક્ષામાં ૧૦૦માંથી ૮૧ ગુણ મેળવેલા. હિંદીના અભ્યાસકાળનું જીવન પણ ખૂબ આનંદદાયક હતું. શ્રી સર્વદમન રાવલ, શ્રી મનુભાઈ દવે, શ્રી બાબુભાઈ શાહ, શ્રી શર્માજી, શ્રી ચંડીપ્રસાદ, બોરીવલીના શિક્ષક શ્રી ભાવસાર વગેરે શિક્ષક-સમુદાય તથા વિદ્યાર્થીઓમાં પ્રો. જયાનંદભાઈ, મનુભાઈ રાવલ, હરિપ્રસાદ શાસ્ત્રીજી તથા બીજાં ઘણાં પ્રતિષ્ઠિત ભાઈઓ-બહેનો હતાં. તેઓ સૌ ખૂબ આત્મીયભાવે વર્તતાં. અત્યારે તો એ આનંદને વાગોળવાનો જ રહ્યો. અસ્તુ.

સરોજબેન જોડે બીજી પણ ઘણી બધી ટાઢી-મીઠી વાતો થઈ. બેન કહે કે, "આપને મળવાની ઘણા સમયથી ખૂબ ઈચ્છા હતી પણ મળી શકાતું નહોતું. વચ્ચે એક વાર રાવલ સાહેબ (હિન્દી પ્રચાર કેન્દ્રના સંચાલક-શિક્ષક) મળેલા ત્યારે તેમણે પણ મને આપને મળવાની ભલામણ કરેલી. મેં તેમને કહ્યું કે "મેં પણ યોગભિક્ષુજીનું નામ ખૂબ સાંભળ્યું

છે.'' તો તેઓ કહે કે ''તમે યોગભિક્ષુજીને રૂબરૂ મળશો ત્યારે ખબર પડશે કે તેમની સાંભળેલી પ્રશંસામાં અને રૂબરૂ મળ્યા પછી મળેલા આનંદ અને અનુભવમાં કેટલો આસમાન-જમીનનો તફાવત છે.''

થોડાં વર્ષો પહેલાં પ. શ્ર. રાવલ સાહેબ - શ્રી સર્વદમન રાવલ - અમને રૂબરૂ મળવા આવેલા ત્યારે અમે ઊઠીને તેમને નમસ્કાર કર્યા. કારણ કે તેઓશ્રી અમારા હિંદીના શિક્ષક હતા. તેમણે અમારા હાથ પકડી લીધા અને બે હાથ જોડીને અત્યંત નમ્રતાપૂર્વક કહેવા લાગ્યા કે, ''હવે તો નમસ્કાર અમારે આપને કરવાના હોય, આપ હવે અમારા સૌના ગુરુ છો.'' અસ્તુ.

મિલની નોકરીમાં પાળી બદલાય. ક્યારેક રાતપાળી તો ક્યારેક દિવસપાળી હોય. માહિમથી રાતપાળી પતાવીને રાત્રે બારેક વાગ્યે બોરીવલી જવા લોકલ ટ્રેનમાં બેઠા હોઈએ ત્યારે ક્યારેક બે-ત્રણ પાવેગા પણ ડબ્બામાં હોય, કે માહિમ સ્ટેશનેથી ટ્રેનમાં ચડે. તેઓ જાતભાતના નખરાં કરે. બીક પણ લાગે કે આ લોકો જો કનડશે તો અત્યારે કોણ મદદ કરશે? પણ પ્રભુકૃપાથી એ લોકો તરફથી ખાસ કંઈ તકલીફ ઊભી થયેલી નહીં. માહિમ એ તે લોકોનું સ્થાન કહેવાતું. માહિમનો હલવો પણ બહુ વખણાય. મોટાભાઈએ પહેલેથી જ સૂચના આપી રાખેલી કે આ વસ્તુ ખવાય જ નહીં, આરોગ્ય બગડે. મિલમાં કામ કરતી વખતે શર્ટ કાઢીને ટિંગાડી દેતા. એક વાર શર્ટના ખિસ્સામાં જે કોઈ હતું તે ચોરાઈ ગયેલું. તેમાં, કરાંચીમાં ફિટર તરીકે કામ કરેલું તેનું સર્ટિફિકેટ હતું તે પણ ચોરાઈ ગયેલું. બોરીવલીથી માહિમ જવા વહેલી સવારે નીકળીએ. બોરીવલી સ્ટેશન સુધી ચાલીને જઈએ. રસ્તો થોરની બે વાડ વચ્ચેથી પસાર થતો હોય ત્યાંથી પસાર થઈએ ત્યારે મોઢા પર બાવાં ચોટવા લાગે, કે જે, કરોળિયાએ રાતભર એક વાડ પરથી બીજી વાડ પર પોતાની લાળથી બાંધી દીધાં હોય. તે લાળને દૂર કરવા મોઢા પર હાથ ફેરવતાં ફેરવતાં, બબડતા બબડતા ચાલ્યા જઈએ.

ક્યારેક મિલના ઝાંપાથી થોડે આગળ તીનપત્તીવાળા જુગારિયાની ટોળકી બેઠી હોય. અજાણ્યો માણસ ત્યાં શું છે એ જોવા ઊભો રહે તે સ્વભાવિક છે. ગઠિયા તો માણસની રાહ જ જોતા હોય. તેઓ તુરત પોતાની હોંશિયારી શરૂ કરે. બંજીફાની થોકડીમાંથી ત્રણ પત્તાં જમીન ઉપર ઊંધા નાખે. પછી એનો જ માણસ, આપણી સામે હાથ કરીને કહે કે ''આ સાહેબના આ પત્તા પર પાંચ રૂપિયા.'' પછી પત્તું ખોલે તો આપણી જીત થઈ હોય એટલે એનો માણસ આપણા ખિસ્સામાં પરાણે પાંચની નોટ ઘુસાડે, આપણે ના ના કરતા રહીએ તોય. એમ બે-ત્રણ વાર કિંતાડે અને પછી આપણા તરફથી જ સો રૂપિયા લગાડે ત્યારે ખોટું પડે. એટલે કહે કે ''લાવો સો રૂપિયા.'' આપણે ના પાડીએ કે મેં ક્યાં લગાડ્યા હતા, તમે જાતે લગાડ્યા હતા. તો કહે કે ''પહેલાં અમે જાતે લગાડ્યા હતા ત્યારે તમે લઈ લીધા હતા અને હવે આપતાં જોર પડે છે?'' એમ કહીને જબરજસ્તી સો રૂપિયા પડાવે અને જો અનુકૂળતા હોય તો લૂંટી પણ લે. અમને તો આવું કાંઈ જોવાનું કુતૂહલ જ થાય નહીં. જાણે ગત જન્મોની સાથે આવેલી સ્મૃતિના સંસ્કાર આવા નજીવા તમાશામાં રસ જ પાડવા ન દે, અથવા તો પ્રથમથી જ ખ્યાલ આવી જાય કે અહીં આમ જ થશે.

લંચ વખતે કેન્ટિનમાં સૌ લંચ લેવા જાય ત્યારે અમે પણ જઈએ. અમારે કેન્ટિનમાંથી કંઈ ખાવાનું ન હોય; અમારા ડબ્બામાં જ મોટી મોટી છ રોટલી હોય અને થેલીમાં નવ નવ ઈંચનાં પાકાં સુગંધીદાર છ કેળાં હોય. કેળાં ફોલતા જઈએ અને રોટલીના બટકા સાથે ખાતા જઈએ. ખાઈને ઊઠીએ ત્યારે ટેબલ ઉપર કેળાંની છાલનો ઢગલો થઈ ગયેલો હોય. આજુબાજુવાળા લંચ લેનારા અમારા લંચને આશ્ચર્યથી જોયા જ કરે! અમારે ચા-કોફી, પાન-બીડી કે કેન્ટિનનો કોઈ નાસ્તો લેવાનો જ નહીં. એ વખતે અલમસ્ત તંદુરસ્તી હતી; જે આધિ, આધિ અને ઉપાધિઓમાંથી પસાર થવા છતાંય અત્યારે તોતેર વર્ષની ઉંમરે પણ સાથ આપી રહી છે.

મિલમાં મુતરડી એટલી બધી ગંદી કે બને ત્યાં સુધી પેશાબ કરવા જવાનું ટાળવાનું જ મન થાય. અને ગયા હોઈએ તો પેશાબ કરવાનું પૂરું થાય ત્યાં સુધી શ્વાસને રોકી રાખવો પડે. જો શ્વાસ લઈએ તો એમોનિયા સૂંઘતા હોઈએ એવો ઝાટકો લાગે. અસ્તુ.

લેસર ટાઈપસેટીંગઃ-
જનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ, ૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી,
રખિયાલ, અમદાવાદ-૨૧. ફોન :- ૭૪૫૪૬૬૯

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्रतिस्थान : ओम् परिवार, ६/अ, पतिथदनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY/34/90-91

To,

LM-302 NV H
BHAUMIK C. VYAS
3, GANGADHAR SOCI.
B/H, RAMBAUG, OPP. S.P SCHOOL,
MANINAGAR,
AMDAVAD 380008

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.O. -III 33-163/95-96 up to March-2000

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૨ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૦૧ $

લવાજમ મોકલવાનું તથા "કૃતભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી
સાથેના સંસ્મરણો તથા પ્રેરક
પ્રસંગો આવકાર્ય છે.